समानो मन्त्रः। (ઋગ્વેદ)

समानी प्रपा। (અથર્વવેદ)

# પરબ

સંપાદક :

**ભોળાભાઈ પટેલ**



ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

# પરબ

પરબ દર માસની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

પરિષદના સભ્યનું વાર્ષિક લવાજમ પરબ સાથે રૂ. 20/- (સંસ્થાઓ માટે રૂ. 25/-) છે. વર્ષમાં ગમે ત્યારે સભ્ય થઈ શકાય છે પરન્તુ અધવચ્ચે વાર્ષિક સભ્ય થનારનું લવાજમ ડિસેમ્બર અંતે પૂરું થયેલું ગણાશે. આજીવન સભ્ય-ફી રૂ. 200/- (વિદેશમાં પા. 20/- અથવા ડૉ. 30/-) છે, સંસ્થા માટે રૂ. 250/- છે જેમને માત્ર પરબ જ મેળવવું હોય તેમને માટે વાર્ષિક લવાજમ રૂ. 15/- છે.

પત્રવ્યવહારનું સરનામું :
ગુજરાતી સાહિત્ય પરિષદ
(પ્રકાશન વિભાગ)
ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ
નદીકિનારે, પો. ઓ. 4060
અમદાવાદ-380 009

ફોન : 407947, 406134

## અનુક્રમ

વર્ષ 26 : અંક 3 1985


| | | |
|---|---|---|
| ભોળાભાઈ પટેલ | 1 | 'તદ્દપિ પૂર્ણાહુતિ કિં' |
| કાકા કાલેલકર | 3 | વેળગંગા અથવા સીતાન |
| ઉમાશંકર જોશી | 7 | 'સંસ્કૃતિ' વિદાય માગે |
| ભોળાભાઈ પટેલ | 15 | કવિ રવીન્દ્રનાથની એક અંતરંગ |
| પ્રીતિ સેનગુપ્તા | 25 | અમેરિકાના એક નવા વાર્તાકાર . રેમન્ડ |
| રેમન્ડ કાર્વર અનુ પ્રીતિ સેનગુપ્તા | 28 | બીજી એક વાત |
| પં. પ્રદ્યુમ્નવિજયજી ગણી | 32 | ધવલમંગલ |
| પ્રદીપ ખાંડવાળા | 33 | કાવ્યો |
| રાજેન્દ્ર શાહ | 36 | અનુગ્રહ |
| શરદ વૈદ્ય | 36 | ગઝલ |
| જયેન્દ્ર ત્રિવેદી | 37 | કર્મનો કોરો સિદ્ધાંત |
| રમેશ ર દવે | 40 | અવલોકનીય |
| વાડીલાલ ડગલી, હસુ યાજ્ઞિક, નવનીત શાહ, નવનિધ શુક્લ | 46 | પત્રચર્ચા |


પ્રકાશક : કુમારપાળ દેસાઈ, મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ,
ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ
નદીકિનારે, અમદાવાદ 380009

મુદ્રક : કાન્તિભાઈ મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ, અમદાવાદ 380001

પરબ પ્રબંધક સમિતિ
પ્રિયકાન્ત પરીખ, નરોત્તમ પલાણ,
જશવંત મહેતા

છૂટક કીમત : રૂ. 2/-

આવરણ સંયોજન : શૈલેશ મોદી

કાકા કાલેલકર

# વેળગંગા અથવા સીતાનહાણી

વેરૂળનો લીવો કુંડ જોઈ પાછા વળતાં રસ્તામાં વેળગંગાનું ઝરણું જોયું હતું એટલું નાનકડું ઝરણું કે એને નાળું પણ ન કહેવાય પણ એને વેળગંગાનું પ્રતિષ્ઠિત નામ મળેલું છે નદીનું નામ સાંભળ્યા પછી એનો ઉગમ ક્યાં છે એ શોધ્યા વગર રહેવાય? પણ અમે તો ગુફાઓની અદ્ભુત કારીગરીમાં મગ્નપણે વિહરતા હતા, તેથી વેળગંગાનું સ્મરણ સરખું ન થયું. 'અપૌરુષેય' કારીગરીવાળી કૈલાસની ગુફા છોડી જૈન તીર્થંકરોની ઇન્દ્રસભા તરફ અમે જતા હતા ત્યાં અચ્યુત દેશપાંડેએ કહ્યું કે વેળગંગાનો ઉગમ અહીં જ છે નામ સાંભળ્યું માત્ર અને વેળગંગા વળગી!

ઇન્દ્રસભાથી પાછા ફરતાં અમે ૨૯મી ગુફામાં આવી પહોંચ્યા. અનેક ગુફાઓમાં રખડવાથી થાક તો સારી પેઠે ચડ્યો હતો. આખા શરીરના હાડકામાં કળતર શરૂ થયું હતું અને એ જ વખતે મુંબઈ પાસેની ધારાપુરીની એલિફંટાનું સ્મરણ કરાવતી ૨૯મી ગુફાએ ભવ્યતાનો કળશ ચડાવ્યો. ફરી ફરીને પગ વધારે થાક્યા હતા, કે જોઈ જોઈને આંખો વધારે થાકી હતી, એ કહેવું મુશ્કેલ હતું. હવે નાસ્તા સાથે થાક ખાધા પછી જ આગળ જવાય એમ અમે નિશ્ચય કરતા હતા. એટલામાં સીતાનહાણીનું સ્મરણ થયું

અયોધ્યાથી જનસ્થાન સુધીની મુસાફરી દેવી,સીતાએ પગપાળા કરી હતી. ત્યાંથી રાવણ એને ઊંચકીને લંકા લઈ ગયો. દુઃખાવેગમાં સીતાએ દક્ષિણનો એ પ્રદેશ જોયો પણ નહીં હોય, પણ રામે રાવણનો નિઃપાત કરી, એના જ પુષ્પક વિમાનમાં બેસી જ્યારે લંકાથી અયોધ્યા સુધીનો હવાઈ પ્રવાસ કર્યો ત્યારે સીતામાતાએ નીચે જોઈ કેટલો આનંદ માણ્યો હશે! રામાયણમાં વાલ્મીકિએ જ્યાં ત્યાં સીતાજીનો પ્રકૃતિના સૌંદર્ય પ્રત્યેનો પક્ષપાત વર્ણવ્યો છે. ભવભૂતિએ પણ, સૃષ્ટિસૌંદર્ય જોઈ સીતાને કેવો અલૌકિક આનંદ થતો, એનું વર્ણન આપ્યું છે. સીતાએ જે હિંદુસ્તાનનાં લલિત અને ભવ્ય, સુંદર અને પવિત્ર સ્થાનોનું વર્ણન

પોતે લખવાનું માથે લીધું હોત તો, મને લાગે છે કે, ત્યાર પછી સંસ્કૃતમાં કોઈ પણ કવિએ સૃષ્ટિવર્ણનમાં એક લીટી પણ ઉમેરવાની હિંમત ન કરી હોત.

સીતામાતા પહાડો જોઈને રાચતી, નદીઓને આનંદાશ્રુથી નવડાવતી, હાથીનાં બચ્ચાંઓને પંપાળતી, સારસ યુગલોને આશીર્વાદ આપતી, સુગંધી ફૂલોના સૌરભનો નશો કરતી અને દરેક સ્થળે એ બધો આનંદ રામમય બનાવી પોતે સીતા છે એ પણ ભૂલી જતી. લંકામાં રામવિરહથી સુકાતી સીતા પણ ત્યાંની એક નદી સાથે એકરૂપ થયા વગર રહી નહીં. આજે પણ સિલોનની સીતાવાકા ચોમાસામાં બન્ને બાજુ ઊભરાય છે અને જેટલાં ખેતરો ડુબાડે છે તે બધાંનો સુવર્ણમય બનાવી દે છે. સીતાનો જન્મ જ જમીનમાંથી થયેલો. ભારતભૂમિની ભક્તિના રૂપમાં આજે પણ એ આપણને દર્શન દે છે.

સીતાને થયું હશે કે ગોદાવરીના વિશાળ પ્રદેશમાં ચાલી ચાલીને આપણે થાક્યાં. લક્ષ્મણને વનફળ લાવવા મોકલી દઈએ. રામ તો ધનુષ્ય લઈને પહેરો ભરવાના જ. ત્યારે આ ચંદ્રાકાર કરાડ તળે વેળગંગાનું આતિથ્ય સ્વીકારી થોડો જલવિહાર કેમ ન કરીએ?

*

અમારી દાનત પ્રથમ અનુકૂળ ઠેકાણેથી વેળગંગાના સુંદર પ્રપાતનું ફક્ત દર્શન કરવાની જ હતી. એટલે નંબર ૨૯ની ગુફામાં ગુફાની ડાબી અને અમારી જમણી બાજુએ ઝરૂખો દેખાયો એ તરફ અમે ગયા. મનમાં ચોરી ખરી કે જો નીચે જવાતું હશે તો એ લહાવો લેવાનું ચૂકીએ નહીં.

ઝરૂખામાંથી જોયું તો એક પાતળો પ્રપાત પવન સાથે રમતો નીચે ઊતરે છે અને પોતાની આંગળીઓ હલાવી હલાવી અમને છાનોમાનો નોતરે છે. હું વિચાર કરવા લાગ્યો કે નીચે ઊતરાય કે નહીં, એટલો વખત ખરચાય કે નહીં, સાથીઓને આ સ્વચ્છંદ ગમશે કે નહીં? મને આમ વિમાસણમાં પડેલો જોઈ ખીણમાં દોડાદોડ કરતાં નાનાં નાનાં પક્ષીઓ તિરસ્કારથી હસી પડ્યાં: "જુઓ તો, કેવો અરસિક માનવી છે! ધોધ આટલા હેતથી નોતરે છે, અને એ ત્યાં વિચારમાં પડ્યો છે! આ માનવીઓમાં કાવ્ય લખનારાં ઘણાં છે, પણ કાવ્ય માણનારાં ક્વચિત જ મળે છે. અને આ સામેનો માનવી તો પોતાને પ્રકૃતિનો બાળક કહેવડાવે છે; લોભી આંખે ધોધ તરફ જુએ છે, નીચેનું સ્ફટિક જેવું પાણી જોઈ એનું હૈયું પણ પલળે છે; છતાં એનો સંકલ્પ જામતો નથી, કે 'તું શિલા થઈને પડ્યો રહીશ.' જ્યાં એ પથરાને ચોંટ્યો જ છે!"

પક્ષીઓની આ નિર્ભર્ત્સના સાંભળી હું શરમાયો, અને મને ખબર પડી તે પહેલાં જ મારા પગ પગથિયાં ઊતરવા લાગ્યા. હવે જમણી બાજુથી નીચેનો ધરો ઓળંગી, સામે કાંઠેથી પ્રપાત પાસે અવાય, કે ડાબી બાજુથી કરાડની કોરે ચાલીને ૨૮ નંબરની નાનકડી ગુફા સુધી પહોંચી ત્યાં ધોધના છાંટા લેવાય એ વિચાર મનમાં ચાલ્યો. જમણો રસ્તો લાંબો અને સલામત હતો, જ્યારે ડાબા રસ્તામાં કાવ્ય હતું. નાહવાની તૈયારીથી જ ઊતર્યો હતો, એટલે રખેને પલળી જવાશે એવો તો સવાલ જ ન હતો.

૨૮ નંબરની નાનકડી ગુફાની અંદર એકબે મૂર્તિઓ છે ખરી, પણ તે ગુફાની અંદર ઝાઝું કાવ્ય નથી. કાવ્ય તો બહાર જ પથરાયેલું છે. ગુફામાં બેસી જો કોઈ બહાર જુએ તો પાણીના પહોળા પડદામાંથી એને આગળનો સૃષ્ટિનો વિસ્તાર ઝગમગ દેખાશે. ધોધ પડે છે, પણ તે એટલો જાડો નથી કે આરપાર કશું દેખાય નહીં. આ ગુફા પાણીના પડદા પાછળ ઢંકાયેલી હોવા છતાં 'સિલ્કુવ' પલળતી નથી, કેમકે રમતિયાળ પવન પણ પાણીના છાંટા ગુફાની અંદર નથી લઈ જઈ શકતો. ગુફાની જરાક બહાર આવો, તો પછી તકરાર નહીં કરતા, કે પવને આપણને કેમ પલાળ્યા.

અમે એ ગુફાથી નીચે ઊતર્યો. પહાડી ચતુષ્પાદ બનીને જ ઊતરવી પડી એ કહેવાની જરૂર ન હોય. જ્યાં એ ધોધ પથરા સાથે ભટકાતો હતો ત્યાં મેં મારું આસન જમાવ્યું. સો ફૂટની ઊંચાઈએથી પાણી પડે તે કાંઈ ગદગદિયાં કરીને સંતોષ નહીં માને. એણે પ્રથમ માથા ઉપર ટાપલીઓ મારવાનું શરૂ કર્યું, પછી ખભા ઉપર થપાટ પડી, પછી પીઠ ઉપર ધપ, ધપ, ધપ, ધપ, ચાપટીઓ પડતી જાય અને મુસાફરીનો આખો થાક ઊતરતો જાય. સામાન્ય રીતે આપણે માલિશ કરાવીને પછી નાહીએ છીએ. અહીં તો માલિશ એ જ સ્નાન અને સ્નાન એ જ માલિશ. 'સીતામાતાએ અહીં', પોતાના' વાળ છૂટા મૂકી પાણીમાં સાફ કરકરા કર્યા હશે.

પણ અરે, આ શું! હું રખડુ મુસાફર છું કે આ દુનિયાનો બાદશાહ છું? મારી પલાંઠી તળે આ રત્નખચિત આસન ક્યાંથી આવી ગયું? પાણીના તુષાર ચારે કોર ફેલાય છે, જાણે મોતીની માળા! અને આસન તળે બે રૂપાળાં ઇન્દ્રધનુષ્યો મને સમ્રાટની પ્રતિષ્ઠા આપી રહ્યાં છે. અલકાપુરીના કુબેર કરતાં મારો વૈભવ હવે કઈ બાબતમાં ઓછો છે? ઇન્દ્રધનુષ્યની બેવડી કિનારવાળા, ચાંદીના ધાગાવાળા આસન' ઉપર બેઠો છું, અને મોતીની માળાનું ઉત્તરીય ઓઢી અહીં આનંદ કરું છું. માથે સૂર્યનારાયણનું ચળકતું છત્ર છે અને આસપાસ આ ઊડતા દ્વિજગણો જગન્નાથનાં સ્તોત્રો ગાય છે!

શરીર સ્વચ્છ કરવા માટે નહીં, પણ વ્યાયામનો આનંદ લેવા માટે પથરા પર સવાર થઈ ધોધ તળે મેં આખું શરીર ચોળ્યું, સ્નાનપાનનો આનંદ મેળવ્યો અને રામરક્ષાસ્તોત્રનું સ્મરણ કર્યું. સીતામાઈએ જે સ્થાન પસંદ કર્યું ત્યાં રામરક્ષાસ્તોત્રનું ગાયન જ સ્ફુરે એ સ્વાભાવિક હતું. અને માથાથી પગ સુધી બધાં ગાત્રો ચોળીને સાફ કરતી વખતે 'शिरो मे राघवः पातु भालं दशरथात्मजः' ઇત્યાદિ શ્લોકો યાદ કરવા એ ન્યાસ કેટલો ઉચિત હતો!

*

સ્વર્ગે પહોંચેલા લોકો પણ જો અંતે મૃત્યુલોકમાં પાછા આવે છે, તો એ પ્રપાતસ્નાનની મસ્તી ચડયા છતાં એમાંથી વ્યુત્થાન કરી પાછા ગદ્યમય જીવનમાં પ્રવેશ કરવાની આવશ્યકતા જણાઈ એમાં આશ્ચર્ય શું! એટલે આખરે આટલો બધો આનંદ સ્વેચ્છાએ જતો કરવાની પોતાની સંયમશક્તિની કદર કરતો કરતો પાછો આવ્યો. અને નવાં કપડાં પહેરી નાસ્તા માટે તૈયાર થયો! નાસ્તો શું — કલાનિરીક્ષણ કાજે કરેલી બપોર સુધીની તપસ્યા અને પ્રપાતસ્નાનની શાંતિ પછીનું એ અમૃતભોજન જ હતું. અને વેરૂગંગાનો કૃપાપ્રસાદ.

ગુફામાં સ્થિર થઈને ઊભેલા દ્વારપાળોને જો જોવાની આંખ હોત તો એમણે જરૂર અમારી અદેખાઈ કરી હોત.

['જીવનલીલા'માંથી]

☐

## કેળવણી કહે છે

કેળવણી કહે છે: 'હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા ચૈતન્ય છે. આવી હું જગદંબા છું. જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહીં રહે. એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઈ શકે એમ છે.'

['જીવનવિકાસ'માંથી] —કાકા કાલેલકર

ઉમાશંકર જોશી

# 'સંસ્કૃતિ' વિદાય માગે છે

આડત્રીસ વરસ પૂરાં કરી ૧૯૮૪ના છેલ્લા (ઑક્ટો.-ડિસેમ્બર) અંક સાથે 'સંસ્કૃતિ' વિદાય માગે છે, સૌના આભાર સાથે, કોઈ પણ પ્રકારની ફરિયાદ વગર. બંધ કરવાનો નિર્ણય હળવા હૈયે તો લીધો ન જ હોય, છતાં આ નિર્ણયથી હું હળવાશ અનુભવું છું એ મારે કબૂલ કરવું જોઈએ. દરેક વય-જૂથના મિત્રોએ સંપાદનકાર્યના બોજમાં ભાગીદારી ઉઠાવવા પ્રેમપૂર્વક સૂચવ્યું એ પ્રેમોપચાર માટે ઋણી છું, પણ જો સંપાદનમાં હું પણ જોડાયેલો હોઉં તો મારી કાર્યરીતિ પ્રમાણે એમાં હું જે સંડોવાયેલો રહું તે મને સમય અને શક્તિ – ખાસ તો સમયની દૃષ્ટિએ ન પોસાય. હું અલગ થાઉં અને તે ચાલે, વધારે સારું પણ ચાલે, પણ તે અત્યારસુધીના કરતાં જુદું જ હોય.

'૧૯૪૬ની આખરમાં સ્વેચ્છાએ ગુજરાત વિદ્યાસભામાંથી હું મુક્ત થયો ત્યારે જે કેટલાક વિચારો સૂઝ્યા તેમાં સામયિક કાઢવાનો વિચાર પણ મનમાં સ્થિર થતો ગયો. જાતે વહોરેલી નવરાશથી કટાઈ ન જાઉં એ એક કારણ, પણ સમયની સાથે ગાઢ અનુસંધાનપૂર્વક જીવવાની તક મળે એ મુખ્ય પ્રેરણા. નામનો વિચાર કરવા-બેસવાપણું રહ્યું નહીં. ચાલો, 'સંસ્કૃતિ' કાઢીએ — એમ જ સૂઝ્યું. મારા પોતાના વલણને અનુસર્યો હોત તો 'ધર્મ' કહેવાનું પસંદ કરત, પણ 'સંસ્કૃતિ' કહેવાથી ધર્મ ઉપરાંત સમયના તકાજા પ્રમાણે રાજકારણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન આદિ વિષયો અને મુખ્ય રસનો વિષય સાહિત્ય તે સૌનો આદર થઈ શકે એમ લાગ્યું. જીવવાની રીતના એક ભાગ રૂપે સંપાદનકાર્ય સાથે સંકળાવાનું બન્યું.

રાજકારણનો રસ હોત – થોડીક પણ જાહેર પ્રશ્નોમાં સક્રિયપણે ગૂંથાઈ જવાની મહત્ત્વાકાંક્ષા હોત તો મેં સાપ્તાહિક શરૂ કર્યું હોત. ગુજરાતી, હિંદી, અંગ્રેજીમાં. સચિત્ર. અનેક વિષયો પર ચાલુ વિચારસામગ્રી આપનારું. પછીથી, જાહેર બાબતોમાં થોડોક રસ લેવો પડે જ એવું આવ્યું ત્યારે મિત્રો સાથે 'નિરીક્ષક' સાપ્તાહિક દ્વારા એકાદ દસકો એ જાતની કામગીરી કંઈક સંભાળી. (એક સુજ્ઞ મિત્રે લખ્યું પણ ખરું : 'સંસ્કૃતિ' કરતાં 'નિરીક્ષક'માં તમને વધુ પામીએ છીએ) ૧૯૪૭ના સમયમાં તરવરિયા તરુણ મિત્રોને હું ખૂબ આગ્રહ કરતો કે તમે પત્રકારત્વમાં સમય તો આપો જ છો, તો એક સાપ્તાહિક શા માટે શરૂ કરતા

નથી. મારી કુમકની ખાતરી આપતો. મેં પોતે એવી જવાબદારી ન'લીધી.
રાજકારણ (વિશાળ અર્થમાં જાહેર બાબતો) એ પ્રાણવાયુ સમાન છે એમ હું માનું છું. પણ હું સર્જક માણસ, સ્વધર્મ શા માટે ચૂકું ? અને એ વખતે પણ સ્પષ્ટ જોતો કે રાજકારણમાં મારા જેવો માણસ કંઈક પણ અર્પણ કરી શકે એમ હોય તો તે કદાચ રાજકારણના ક્ષેત્રમાં ન ઝંપલાવીને વધુ સારી રીતે કરી શકે.

સાપ્તાહિક નહીં,– માસિક જ શરૂ કરવું એ બરોબર. પણ કાગળ ? બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કાગળની માપબંધી આવી હતી તે ૧૯૪૬ સપ્ટેમ્બરથી સ્થપાયેલી વચગાળાની રાષ્ટ્રીય સરકારને પણ ચાલુ રાખવી પડી હતી. કાગળના ક્વોટા માટે અરજી કરી. જવાબમાં નન્નો મળ્યો.

કાગળની માપબંધી સાથે મારા સંપાદકત્વનો એક બીજો અનુભવ સંકળાયેલો છે. ગુજરાત વિદ્યાસભાએ મને સપ્ટેમ્બર ૧૯૪૪માં 'બુદ્ધિપ્રકાશ'નું સંપાદન સોંપ્યું ત્યાં તરત કાગળની માપબંધી જાહેર થઈ. લગભગ સો વરસની એની કારકિર્દીમાં પૂંઠા વગરનો અંક મારા તંત્રીપદ નીચે નીકળ્યો. ત્રૈમાસિક હતું, પાનાં ત્યારે માંડ વીસ. રસ્તાની પેલી પાર 'રેખા' કાર્યાલયમાં તંત્રી જયંતિ દલાલે વિનોદ કર્યો : તમને અને વિદ્યાસભાને તો ન આવી પણ સરકારને તમારી દયા આવી અને તમારો બોજ હળવો કરી આપ્યો ! સંપાદનનો બીજો મોંઘો અનુભવ પણ યાદ આવે છે. ૧૯૩૦માં વીરમગામ સત્યાગ્રહ છાવણીની પત્રિકા 'નવજીવન'-તંત્રના વેણીભાઈ બુચ ચલાવતા તે પકડાઈ ગયા પછી છાવણીના સંચાલક સાધુચરિત ચમનભાઈ વૈષ્ણવે મને બોલાવીને એ જવાબદારી સોંપી. ગેરકાયદે મીઠું લઈ આવતી અમારી ટોળીનો વણી સ્ટેશને ઘોડેસવાર પોલીસે પીછો પકડેલો તે અંગેની એક રચના એમને બતાવેલી એ જ. ઓગણીસ વરસના તરુણને એમણે કામ ભળાવતાં કહ્યું : લખાણ મને વંચાવી જવું, પછી સાઇક્લોસ્ટાઇલ્ડ કરવું. ચાર દિવસ પછી કહે : મને વંચાવવાની જરૂર નથી. એમણે મૂકેલો વિશ્વાસ એ મારું ભેંનું તો બળ બન્યો હશે ! પત્રિકાનો મુસદ્દો કરું, જાતે લખીને સ્ટેન્સિલ તૈયાર કરું, શાહીનો રોલર ફેરવું, નકલો કાઢું. સરનામાં કરી ટપાલમાં નાખવા જાઉં ત્યારે એક નકલ ગુંદરલગાડેલી લઈ ગયો હોઉં તે શહેરના દરવાજાની ભીંત પર ચોંટાડતો આવું. બસો સ્વયંસેવકો હતા, સૌ સૌના કામમાં. એક પીઢ ડૉક્ટર બધો તાલ જોતા હતા. મુરબ્બી જેવા વત્સલતાથી એમણે નકલો કાઢવાની અને તે પછીની કામગીરી લઈ લીધી. પછીથી ચમનભાઈએ તાલુકાની બધી છાવણીઓ અંગેની જવાબદારી મને સોંપી, પણ ઑક્ટોબરમાં પકડાયો ત્યાં સુધી પત્રિકા લખવાનો જ, રહ્યો. પત્રકારત્વ કરતાં પણ ગદ્યલેખનની શાળા, મારે માટે એ બની રહી. છાવણીના સરદાર નાનાભાઈ ભટ્ટે એકવાર કહ્યું કે 'સૌરાષ્ટ્ર' તંત્રીમંડળના કકલભાઈ કોઠારી સ્ટેશને મળી ગયેલા તે પૂછતા હતા કે – વીરમગામની પત્રિકા કોણ લખે છે ?

લોહીમાં જ પત્રકારત્વ અંગેનો સળવળાટ હશે, નવા માસિક માટે કાગળ આપવાની સરકારની અનિચ્છાથી શાનો થંભે ? એ વખતે વડોદરા દેશીરાજ્ય. ત્યાં દિલ્હી સરકારનો કાયદો ન ચાલે. આપણે શી રીતે વડોદરા રાજ્ય પાસેથી કાગળ મેળવવો એ પ્રશ્ન મનમાં આકાર પામે ત્યાં જ ઉકેલરૂપે કિશનસિંહ ચાવડાની મૂર્તિ નજર આગળ તરવરી રહી ઊપડ્યા વડોદરા. કિશનસિંહ બહારગામ. પત્રવ્યવહાર ચાલ્યો. કિશનસિંહે ખાસ્સું ઠંડું પાણી રેડ્યું. એ હતા અનુભવી. 'રાજપૂતમિત્ર' ને એવાં સામયિકો ચલાવી ચૂકેલા. એ વખતે તેઓ માદામ સોફિયા વાડિયાનાં બે સામયિકો અને પુસ્તકો છાપવા માટેના 'સાધના' પ્રેસના સંચાલક હતા. નિકટના મિત્ર તરીકે એમની સલાહ જોઈતી હતી જ. વળી પ્રેસમાં એ છાપવા તૈયાર થાય તો કાગળ માગવા રાજ્ય પાસે જઈ શકાય. બીજું કયું પ્રેસ ત્યાં શોધવું ? હું મક્કમ છું એમ જોયું એટલે કિશનસિંહે અનુકૂળતા બતાવી અને અમે બંને મળીને માસિક કાઢીએ એમ સૂચવ્યું. મેં આ સમભાવ માટે આભાર માન્યો પણ જણાવ્યું કે હું અમુક અંશે એકલરંગી છું એટલે તો ખરું જ પણ માસિક ચલાવવું એ ખોટનો ધંધો હોઈ એમાં તમને સમભાગી બનાવવા ન ઇચ્છું. એ બધી રીતે અનુકૂળ થયા. કાગળના કોટાની અરજી જાય સરસૂબાને ત્યાં. સરસૂબા હતા રમણલાલ વ. દેસાઈ અમારું સ્વાગત કરતાં એ સજ્જન સ્વજને મારી ઉપર એક નજર નાખી મધુર ખેદભર્યો ઉદ્ગાર કાઢ્યો તે યાદ રહી ગયો છે : 'પાંત્રીસ વર્ષે બધું છોડ્યું, વહેલું કહેવાય !' (ક્યાં છોડ્યું હતું ? પછી બાર વરસ '૫૪થી '૬૬ ગુજરાત યુનિવર્સિટીમાં નોકરી કરી જ ને !)

પહેલો અંક ૨૬મી જાન્યુઆરી ૧૯૪૭ના સ્વાતંત્ર્યદિને પ્રગટ કરવાનું ઠરાવ્યું. દરમ્યાન એક આશ્ચર્યકારક ઘટના બની. સરકારે કાગળ આપવાની હા પાડી બે મહિના પહેલાં સરકારી જાહેરાત આવેલી કે અત્યાર સુધી કાગળની માગણી કરતી જે અરજીઓ આવી છે તે રદ છે અને હવેથી કોઈ અરજી આવશે તો તેની તરફ લક્ષ આપવામાં આવશે નહીં. મેં આ વાંચીને એક જ વાક્યનો કાગળ લખ્યો કે આવતી કાલ સ્થાપનારા કોઈ મોટા ઉદ્યોગ અંગેની આખું પાનું ભરેલી જાહેરખબરના કોઈ એક જ અંગ્રેજી દૈનિકમાં માત્ર એક જ વાર થતા પ્રકાશનમાં જેટલો કાગળ વપરાય તેથી ઓછો કાગળ એક વિદ્યાકીય સામયિકને આખા વરસ માટે જોઈએ છે, જો તમે મંજૂર કરો એ જ બરોબર થશે. પોતાનો મનાઈહુકમ નેવે મૂકી સરકારે કાગળ આપ્યો ! પણ હવે પાછો અમદાવાદમાં ક્યાં પ્રેસ શોધું ? કાગળ પણ કેવા બરનો મળે ? વડોદરા તૈયારીઓ થઈ ગઈ હતી. અત્યંત ઊંચા પ્રકારના એન્ટિકના કાગળ ઉપર પહેલો અંક બહાર પડ્યો. (મારી કોઈ ચોપડી એટલા સારા કાગળ ઉપર છપાઈ નથી.)

૨૫મી જાન્યુઆરીની સાંજે કિશનસિંહ પચીસ જેટલી નકલો લઈ અમદાવાદ આવ્યા. હું તો ૨૬મીએ પ્રકાશન એટલે ૨૬મીએ — એમ કરી બેસી રહ્યો. મારા પત્ની જ્યોત્સ્નાને કિશનસિંહ કહ્યું : આ પૅકેટ કાલ સવારે સુધી ખોલ્યા વગરનું રહેશે ? જ્યોત્સ્નાની હા ગોળની એમણે અંક અમારા હાથમાં મૂક્યો. સવારે કિશનસિંહ અને હું થોડીક નકલો સાથે ઊપડ્યા. ગાંધીઆશ્રમમાં કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલભાઈ મશરૂવાળા અને નરહરિભાઈ પરીખ આવેલાં હતા. અંક એ ત્રિપુટીના હાથમાં મૂક્યો. સહજપણે એનો પ્રકાશનવિધિ આ રીતનો, કોઈ યોજના કરી હોત તેથી પણ સુંદરતર, બની રહ્યો.

પહેલી લાગણી આજે લેખકમિત્રો પ્રત્યે આભારની છે. લેખકસમાજના કુલ નૂર કરતાં કોઈ સામયિક વધુ ઊજળું હોઈ શકે નહીં. ભલે એ નૂર વધારવામાં એ ફાળો આપી રહે. લેખકોએ પોતાનું ઉત્તમ, મન મૂકીને, આપ્યું કોઈ વાર કદી પણ ગેરસમજ થાય એવું બન્યું હોય તોપણ પોતાનાં લખાણો ઉદારભાવે તેઓ આપતા રહ્યા. મને એકંદરે લેખકવર્ગનો સુખદ અનુભવ થયો છે. બલવંતરાય ઠાકોર અને કિશોરલાલ મશરૂવાળા પાસેથી લખાણો આવ્યાં તો શરમણ રાવજી પટેલ વિદ્યાર્થી હતા ત્યારે આવતા. અને પ્રકાશન માટે કાવ્ય લાવતા. પ્રિયકાન્ત મણિયાર પાસેથી નવું નવું મળ્યાં કરતું. જેટલી પોતાની તેટલી દરેકની મુક્તતાને માન આપવાને કારણે કોઈ શાળા (સંપ્રદાય) સ્થાપવાના સાધન તરીકે 'સંસ્કૃતિ'ને યોજ્યું નહીં. શાળાનો આગ્રહ કદાચ સ્વરૂપને ચોકઠામાં પૂરનારો બની બેસે, 'અંગત ચહેરા'ને બદલે 'જાહેર ચહેરો' આગળ ધરી બેસાય એ માટે મજબૂર બનાવે. સર્જન અને આસ્વાદન-આલોચન એ એટલીબધી વ્યક્તિલક્ષી ક્રિયાઓ છે કે એમાં પ્રત્યેક વ્યક્તિ એ જ શાળા...જાણું છું કે શાળાઓ જુદી જુદી વિદ્યા અને કલાની પ્રવૃત્તિઓમાં આવે છે, કેટલાક વળી વળોટ તરફ ધ્યાન ખેંચવામાં સફળ થાય છે — આપણને એટલો ફાયદો પણ એમને પોતાને થોડાક જ સમયમાં કાલગ્રસ્ત થવાની પાળી આવે છે.

સામયિકના સ્વરૂપ અંગે થોડુંક કહું કે જે જમાનાઓમાં પસાર થયો તેમાં સામયિકના બે 'મૉડેલ' (નમૂના) ખાસ આકર્ષે એવા હતા એક સર્વ વિષયલક્ષી, —સમાજ, રાજનીતિ, ધર્મ, વિજ્ઞાન સાહિત્ય, કલા બધાને સ્પર્શતું, તે તે ક્ષેત્રનાં તાજા તારણો — મનનો રજૂ કરતું અને અનેક પ્રકારના વર્તમાન બનાવો ઉપર ટૂંકી ધારદાર દ્યોતક ટિપ્પણીઓ આપતું, સામયિક. એની નજીક આવે એવું રામાનંદ ચેટરજીનું 'મૉડર્ન રીવ્યૂ' હતું. જેની દર માસની પહેલી તારીખે મહાત્મા ગાંધી તેમ જ વાઇસરૉય આતુરતાપૂર્વક રાહ જોતા. બીજું સામયિક કેવળ સાહિત્યનું. એક વાર કનૈયાલાલ મુનશીએ મને કહેલું : 'એક એવું માસિક કાઢોને, સાહિત્યનું, — એ ...

બસ વાંચ્યા જ કરીએ', પહેલા નમૂનાના સામયિકમાં જેટલું સાહિત્યનું આવે તેનાથી આપણું સાહિત્યરસિકોનો કેવળ સંતોષાય નહીં. સાહિત્ય, કેવળ સાહિત્ય જ, આખો અંક ભરીને રજૂ થાય એવું આપણને જોઈએ. આ પ્રકારના સામયિકનો કાંઈક ખ્યાલ ૧૯૨૪માં નીકળેલા વિજયરાય-સંપાદિત 'કૌમુદી' ત્રૈમાસિકથી આવે. (પહેલા જ અંકની પહેલી મનનનોંધમાં એ સાહિત્યના તુલનાત્મક આસ્વાદ-અભ્યાસ માટે જિકર કરે છે, પણ તુલનાત્મક અધ્યયનની વાત સાઠ વરસ પહેલાં પહેલી તકે એ કરે છે એ નોંધપાત્ર છે, બીજા અંકમાં મહાત્મા ગાંધીના કલા અંગેના ઉદ્ગારની એ નિર્ભય તાત્ત્વિક ચિકિત્સા કરે છે) મારો ઝોખ બીજા મોડેલ માટેનો અને વલણ પહેલા તરફનું. અત્યારે આપણે ત્યાં જુદા જુદા વિદ્યાવિષયો વિશે પોતપોતાનાં સામયિકો નીકળતાં થયાં છે, તેમ છતાં પ્રજાના સમગ્ર ચૈતન્યના—વિશેષે વાઙ્મયચૈતન્યના સ્પંદ માસેમાસે કેવા સ્વરૂપે અનુભવાય છે તેનો ખ્યાલ આપતા સર્વદેશીય પહેલા પ્રકારના સામયિક માટે પૂરો અવકાશ છે. દૈનિકો અઠવાડિયામાં અનેક કતારલેખકો (કૉલમ્નિસ્ટ)ની કલમપ્રસાદીરૂપે 'રસથાળ' આપે છે તે પેલા સામયિકનું સ્થાન લઈ શકે નહીં. બીજા પ્રકારના કેવળ સાહિત્યિક સામયિકમાં સર્જનો નર્યાં ઉત્તમ જ હોય, પ્રયોગો હોય તે પણ રચના ઉત્કૃષ્ટ નીવડી આવી હોય તે કારણે સ્થાન પામ્યા હોય. ઉપરાંત પ્રવર્તમાન વહેણો વલણો વિશે તટસ્થ ટિપ્પણીઓ હોય સાહિત્ય અંગેની તત્ત્વગવેષણાઓ 'અધ્યાપકીય' સામયિકો (જે યુનિવર્સિટીઓએ ચલાવવાં જોઈએ)માં હોય, પણ આ નર્યા સાહિત્ય સામયિકમાં અવશ્યપણે હોય' અવલોકનો, ઓછામાં ઓછા ચોથા કે ત્રીજા ભાગનાં પાનાં ભરીને. ટૂંકાં પણ સારગર્ભ, પારદર્શી, સાહિત્યનો આનંદ આપતાં સાથે રુચિને સતત સંસ્કારનારાં.

એ ઘણી મહેનત માગે. ગઈ સદીમાં ફ્રેંચ પ્રભાવવાદી વિવેચક સેં બવ દર અઠવાડિયે એક લેખ આપતો. 'પાંચ દિવસ પુસ્તકનું અધ્યયન કરું છું. છટ્ઠે દિવસે લખું છું. સાતમે દિવસે મારી મા કબરમાંથી આવે તોપણ તેને કહેજો કે આરામ કરું છું.' 'ટાઇમ્સ લિટરરી સપ્લીમેન્ટ'ને પચાસ વરસ થયાં ત્યારે અગાઉ છપાયેલ અવલોકન લખનારનાં (અગાઉ અવલોકનકારનું નામ આપવાનો રિવાજ ન હોઈ) નામ જાહેર કર્યાં ત્યારે ખૂબ પ્રભાવિત કરે એવા વિવેચકોનું એ બધું કામ હતું એમ જાણવા મળ્યું એ અવલોકનો દસકાઓ પછી પણ એટલાં જ તાજાં, સાબધી સુવર્ણીવાળાં, સુસંગત જોવા મળ્યાં અવલોકનો ખૂબ શક્તિ માગી લે આપણે ત્યાં મેઘાણીએ શરૂ કરેલી 'કલમ-કિતાબ'ની પરંપરાએ અને બે દસકાથી માસિક 'ગ્રંથ' દ્વારા આ દિશામાં કંઈક થયું છે. તેમ છતાં એકંદરે આપણા સમયમાં અવલોકનનું અંગ લૂલું રહ્યું છે, 'સંસ્કૃતિ'નું તો રહ્યું જ. બેચાર વખત કેવળ

અવલોકન-અંકો આપવાનો વિચાર પણ આવ્યો. માસિકને મેં મારું એકમાત્ર કાર્ય લેખ્યું નહીં અને વર્તમાન સાહિત્યકારો, પ્રવાહો, પુસ્તકો કે છૂટક કૃતિઓ અંગે પ્રમાણમાં મેં ઓછું લખ્યું નથી, તેમ છતાં અવલોકનોને સમય આપવાની મારી તૈયારી રહી નહીં, જેની મનમાં ખટક રહી ગઈ છે. બીજા નમૂનાના સામયિકની નજીક આવે એવું આ જમાનામાં નિરંજન ભગતનું 'સાહિત્ય' નીકળ્યું. એ પૂર્ણ સહસ્રદલ વિકસે એ પહેલાં બિડાઈ ગયું એ ફફડાટ હજી ઊભો જ છે.

એક વસ્તુ આવાં સામયિકોની આર્થિક–વ્યાવહારિક બાજુ વિશે નોંધવી જરૂરી છે. આ જાતનાં સામયિકો ચલાવનારાઓ પ્રત્યે દયા દાખવવાની – ખાસ કરીને સામયિક દુર્બળ થાય કે બંધ થાય ત્યારે – એક રસમ પડી ગઈ છે. 'બેકદર ગુજરાતની સેવા કરી હાજી ગયો' એ નારો 'વીસમી સદી'ના સંપાદક હાજી મહમદ અલારખિયા અંગે ખબરદારે ગજવ્યો ત્યારથી સવિશેષ. ગુજરાતને બેકદર શી રીતે કહી શકીએ, ખાસ કરીને સંપાદકોમાંથી જે શિક્ષકો હોઈએ તે? આપણે ગુજરાતમાં ભણતર કેટલું વિસ્તાર્યું છે? અને આવા વિષયમાં રસ લેનારાઓ ઓછા જ હોય. રસ હોય છતાં ખરીદશક્તિ ન હોય એવું પણ બનવાનું! અંગ્રેજી જેવી દુનિયામાં ફરી વળેલી ભાષાના આવા સામયિકની પણ મર્યાદિત નકલસંખ્યા જ હોય. તેમાંથી એકાદ આપણા હાથ સુધી પહોંચવા પામી હોય છતાં! આપણને ગુજરાત કહેવા આવ્યું નથી. સ્વેચ્છાએ આપણે આવી પ્રવૃત્તિ 'ઉપાડી', પછી પ્રજાને દોષ દેવાપણું ક્યાં રહ્યું? તંત્રીની ભૂલ થઈ હોય, કમીઓ રહી ગઈ હોય તો તેમની દયા ખાઈએ. કામ કરી છૂટનારાઓ પ્રત્યે દયા બતાવવાનો શોખ જતો કરીએ તો ન ચાલે?

'સંસ્કૃતિ' અંગે, જેમ આવી બીજી વસ્તુઓ અંગે, કેટલીક દંતકથાઓ પ્રચલિત છે, એને છેડવી નથી એટલું કહું કે પહેલો અંક કાઢ્યો ત્યારે મનમાં એટલી ગાંઠ વાળી હતી કે ગ્રાહકો નોંધાય કે ન નોંધાય, બાકીના અગિયાર અંકો કાઢવાની મારે શિરે જવાબદારી. સળંગ આનંદપૂર્વક સામયિક ચલાવ્યું, પ્રજા ચલાવવા દે છે એ અંગે કૃતજ્ઞતાભાવપૂર્વક. બીજે વરસે જાન્યુઆરીમાં ભાઈ સુન્દરમ્ પોંડિચેરીથી 'દક્ષિણા' શરૂ કરવાના સંકલ્પ સાથે અમદાવાદ આવેલા. બપોરે જમવા બોલાવેલા. નવા વરસનાં 'સંસ્કૃતિ'ના અંકો વી. પી. થી મોકલાવ્યા હતા તેમાંથી પાછા આવેલા ચાળીસથી વધુ અંકોનો થોકડો ટપાલીભાઈ લઈ આવ્યો. મારા મનમાં એટલો એક વિચાર ફરકી ગયો કે ભાઈ સુન્દરમને આ અનુભવ ન થયો હોત તો સારું. એની નોંધ લીધા વિના જ, જ્યોત્સ્નાં સુન્દરમ્ અને હું – અમે જેનાં પગલાં સંભળાતાં હતાં તે 'દક્ષિણા'નાં સ્વાગતનો ઉત્સવ આનંદથી માણ્યો. એ જ વરસે પ્રો. ઉમેદભાઈનો પોસ્ટકાર્ડ આવે, નવા નવા

ગ્રાહકોના નામ સાથે પ્રચારો પહોંચ્યા. કહ્યું 'ભાઈ આ આ જ, ફસા જ શા માટે ચલાવો છો?' બીજે વરસે એમણે પૂછ્યું 'કેટલા ગ્રાહક રહ્યા?' 'કોઈ રડ્યાખડ્યા!' આપણાં લક્ષણ એવાં ગ્રાહકોનો શો દોષ? સદ્‌ગત રમણલાલ શેઠ (પછીથી 'જનસત્તા'ના તંત્રી)એ સૂચવ્યું 'દૈનિકમાં જાહેરાત કરીએ.' 'કરો, ભાઈ.' એક દૈનિકમાં તંત્રીલેખ સામેના પાને અગિયારેકવાર જાહેરખબર છાપી. 'કેટલા ગ્રાહકો વધ્યા?' 'એકે નહીં.' આ કયો એવો માલ હતો કે છાપામાં નજર ફેરવનારા નાગરિકની આંખને પકડે અને એ મળે નહીં ત્યાં સુધી એને અન્નપાણી તજવા મજબૂર બનાવે! આ વાતનું નોખિયું એમ વગર સમજ્યે કંઈ હૃદયભંગ થવાનું હશે? મનમાં તેમ જ્યાં સાઈ રાખીને ચાલવું જોઈએ કે જેને આ પદારથનો ચસકો છે તે ભલે ભાગે મોડે હશે ને ટપાલમાં આ ટપકી પડ્યું તો આખા પર નજર નાખ્યા વગર આગળ કોળિયો ભરી શકશે નહીં. ગકવર જૂનાગઢના દાનમાંથી ભાપશા પણ બહાર આવે ત્યારે એક વિદ્યાર્થીનેતાએ 'સંસ્કૃતિ'ના ગ્રાહકો નોંધવાની પેરે હંમેશ ચલાવવા માગે છે એમ કહ્યું. એ વખતે કિશોરલાલ મશરૂવાળાએ 'હરિજન પત્રો' ચાલુ રાખવા માટે ટહેલ નાખેલી તે કામમાં એ પોતાનો સમય આપે એમ મેં વિનંતી કરી. 'સંસ્કૃતિ જોવા માટે તમારી હંમેશથી કંઈ ફેર નથી?' એવા નિર્ણય સાથે ૧૯૬૬માં રાજ્યસભાની મારી મુદત પૂરી થતાં સંસ્કૃતિ મારી આજીવિકાનું સાધન (જોકે હતું તો ખોટમાં) ન લાગે તે ખાતર ૧૯૬૭થી ગંગોત્રી ટ્રસ્ટને સોંપ્યું (જોકે એમાં બીજો ઔચિત્યભંગ થયો. ટ્રસ્ટને માથે ખોટ નાખી). હવે ટ્રસ્ટનું સામયિક હોઈ ગ્રાહકો અને જાહેરખબરો માટે મિત્રોને લખી શકું એવું થતાં મેં એવો પ્રયત્ન આદર્યો. ઠીક ઠીક સારો પ્રતિભાવ સાંપડ્યો. પણ સ્વાભાવિક રીતે થોડાક જ પોતાની મેળે ગ્રાહક નોંધાયા હોય તો આ વરસમાં જ 'સર્જકની આંતરકથા'ના અંકો મેળવવા માટે પણ [illegible] પ્રવૃત્તિ 'વધારી લેવાનો સમય આવી ગયો. એક કવિમિત્રે પહેલો અંક બહાર પડ્યા પછી કાગળ લખ્યો: 'સામયિક કાઢ્યું તે સારું કર્યું. મારે તમને મળવા આવવું છે, પણ ઘેર નહીં, કાર્યાલયમાં. મને કાર્યાલયનું સરનામું જણાવશો.' મેં, હું રહેતો તે અઢી ઓરડીની મઢીનું સરનામું મોકલ્યું. આવ્યા. જરીક અપ્રસન્નતા બતાવી. મેં કહ્યું, 'ખરેખર આ જ કાર્યાલય છે.' પછી એમણે લાંબો સમય જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નો કર્યા. છેવટે ઊઠતાં ઊઠતાં બોલ્યા, 'તો તમારા બાપા ઠીકઠીક મૂકી ગયા હશે!' તો 'સંસ્કૃતિ'ના પહેલા અંકના સ્વાગતમાં એક અવલોકનકાર મિત્રે લખ્યું કે પૈસાદારોના દીવાનખાના શોભાવવા (ઊંચા કાગળ પર કિશનસિંહની મુદ્રણમાવજત સાથે અંક બહાર પાડી બેઠા તે આડે; આવું લઘરવઘર બહાર પાડ્યું હોત તો આવું આળ ન આવત) આ સામયિક નીકળ્યું છે. આજે એ મિત્રને સધિયારો આપી શકાય કે

આ સામયિક જવલ્લે જ કોઈ ધનિકના દીવાનખાના સુધી ગયું હશે. વેપાર-ઉદ્યોગની આલમમાંથી ધડો લેવાનો હોય તો તે એ કે આપણે તો વળી સૂક્ષ્મની-ચેતનની બાબતોમાં રસ લેનારા છીએ તો આપણે ઉદ્યોગ – ઉત્‌યોગ – ઊંચા પ્રકારનો યોગ ઉત્તમ ચાલ્યા કરવો જોઈએ. ઘણી ક્ષતિઓ રહી ગઈ, મુદ્રણની, જોડણીની, ભાષાસફાઈની. ઊણપોનો પૂરો ખ્યાલ છે ક્ષમાપ્રાર્થી છું.

હવે તો જુદા જ જમાનાના ઉંબર પર આવી પહોંચ્યા છીએ. યુગો પહેલાં સાહિત્યની ચીજ મૌખિક રૂપે જ રજૂ થતી. લિપિ, કાગળ, મુદ્રણ – એ ત્રણ મહાન ક્રાન્તિકારી શોધો પછી અત્યારના આપણા સામયિકની નિર્મિતિ શક્ય બનેલી છે. હવે કેવળ ઇલેક્ટ્રોનિક્સની મદદથી કવિ કાવ્યપાઠ કરતા હોય, નાટ્યકૃતિ હોય તો તેનો સાક્ષાત્ અભિનય હોય, એમ દૃશ્યશ્રાવ્ય (વીડિયો) રૂપે સામયિકો (આ શબ્દો વાંચનાર તરુણોના જીવન દરમ્યાન – કદાચ તેમને હાથે) પ્રગટ થવા માંડે અને થોડુંક ટેવાયા પછી એવું સ્વરૂપ પણ પ્રમાણભૂત લાગવા માંડે એ પૂરું સંભવિત છે.

આ પ્રવૃત્તિ, છેવટે તો, જ્યોત્સ્નાની હિંમત ઉપર શરૂ થઈ શકી હતી. નોકરી છોડી હતી, ઉપરથી આવો વ્યવસાય ઉપાડ્યો, જેના વ્યવહારનો બોજ પણ એમના ઉપર પડ્યા વગર રહે નહીં. એમણે એટલું જ કહ્યું: 'હવે તમને આખું ગુજરાત ઓળખશે.' નહીં કે એમને એવી કોઈ મારે અંગે જરૂર હતી. હું પણ એમના ઉદ્‌ગારને એ રીતે સમજ્યો કે મજાના ઘેર બેસી રહ્યા હતા, શા માટે સજ્જનો આગળ ઉઘાડા પડવાનો ધંધો માંડ્યો! રવિશંકર મહારાજ કહે: 'રવિપુરા 'સંસ્કૃતિ' ન મોકલો તો ચાલે.' 'દાદા, તમારે એ વાંચવું એવું ઓછું છે? હું તો એટલા માટે મોકલું છું કે ક્યારેક તમે વાંચી બેસો તો એમાં કાંઈ તમારું દિલ દુભાય એવું ન હોય એટલા માટે મારી ખાતર મોકલું છું!' જીવવાની પ્રક્રિયાના એક ભાગ રૂપે સામયિક ચાલ્યું એટલે ક્ષણે ક્ષણે એનો આનંદ લૂંટ્યો છે. હજી શક્તિ સ્ફૂર્તિ ઉત્સાહ એ જ છે. એક મિત્રે લખ્યું તેમ ""સંસ્કૃતિ' બંધ થાય છે. સંસ્કૃતિનું કામ તો ચાલ્યાં કરશે." ક્યારેક એ કામમાં જરૂર પડી તો અનિયતકાલિક કે એવું કંઈક ક્યાં નથી વિચારી શકાતું?

તો, વાચકમિત્રો, અલવિદા!

જ્યોત્સ્નાના આશીર્વાદ કેટલે અંશે, કેવા રૂપે ફળ્યા? પ્રજાના ચૈતન્યને સંકોરવાનું થોડુંક પણ આ સામયિક નિમિત્ત બન્યું હોય તો ધન્યધન્ય! બ્રહ્માર્પણમ્…!

અમદાવાદ
માર્ચ ૩, ૧૯૮૫

□

ભોળાભાઈ પટેલ

# કવિ રવીન્દ્રનાથની એક અંતરંગ છવિ*

મૈત્રેયી દેવી ગુજરાતમાં જાણીતાં થયાં તેમની નવલકથા 'ન હન્યતે'થી. શ્રી નગીનદાસ પારેખે જ તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે. પરંતુ તે પહેલાં ગુજરાતીમાં તેમનું એક પુસ્તક 'મંગપુતે રવીન્દ્રનાથ' (મંગપુ ગામમાં રવીન્દ્રનાથ) 'ગુરુદેવ અમારે આંગણે' એ નામથી શ્રી રમણીક મેઘાણીએ ઉતાર્યું હતું ગુજરાતમાં ખાસ રુચિના એક વિશિષ્ટ વર્ગના વાચકોમાં એ પુસ્તક સારો એવો આવકાર પામ્યું છે. પરંતુ 'ન હન્યતે' પ્રકટ થતાં જ મૈત્રેયી દેવી વિદ્વાનથી માંડી ભિન્ન ભિન્ન રુચિવાળા સામાન્ય વાચકો સુધી પહોંચી ગયાં થોડાંક વર્ષોના સમયગાળામાં જ એ પુસ્તકની ચાર આવૃત્તિઓ થઈ ચૂકી છે એ નવલકથાએ આપણાં સામયિકો અને વર્તમાનપત્રોમાં ચર્ચા પણ સારી એવી જગાવી હતી. 'ન હન્યતે' પુસ્તકનાં લેખિકાને ક્યારેક મળી શકાય તો કેવું એવી ઇચ્છા થવી સ્વાભાવિક હતી.

૧૯૮૧ના ડિસેમ્બર માસમાં શાંતિનિકેતનમાં વર્ષોવર્ષ ભરાતા પૌષમેળામાં એ વખતના વિશ્વભારતીના આચાર્ય શ્રી ઉમાશંકર જોશીના આમંત્રણથી શ્રી નગીનદાસ પારેખ સાથે જવાનો સુઅવસર સાંપડ્યો આ પૌષમેળા વખતે વિશ્વભારતીના વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત સમારંભ પણ હોય છે. શાન્તિનિકેતનમાં અમારા ઉતારાની વ્યવસ્થા પૂર્વપલ્લી અતિથિગૃહમાં હતી. જાણવા મળ્યું કે પૌષમેળામાં મૈત્રેયી દેવી આવ્યાં છે અને તેઓ પણ પૂર્વપલ્લી અતિથિગૃહમાં ઊતર્યાં છે.

મળ્યા. 'મંગપુતે રવીન્દ્રનાથ'ની સેવાપરાયણ 'માગ્પવી' (એવું એક નામ રવીન્દ્રનાથે તેમનું વિનોદમાં રાખ્યું હતું) અને 'ન હન્યતે'ની અમૃતાને આ ઉત્તરવયમાં ઢળેલાં મૈત્રેયી દેવીમાં શોધવાનું મન થાય વાતચીત દરમ્યાન 'ન હન્યતે' ગુજરાતમાં કેવો આવકાર પામી છે તેની અમે વાત કરી તે વખતે મૈત્રેયી દેવીએ કહ્યું કે મેં હમણાં રવીન્દ્રનાથ વિષે એક બીજું પુસ્તક પ્રકટ કર્યું છે — 'સ્વર્ગેર કાછાકાછિ' ('સ્વર્ગની લગોલગ') ગુજરાતી વાચકોને કદાચ એ પણ ગમશે.

---

* સ્વર્ગની લગોલગ (મૈત્રેયી દેવી, અનુ. નગીનદાસ પારેખ, ગૂર્જર પ્રકાશન)નો પ્રાસ્તાવિક લેખ.

આમ, 'સ્વર્ગેર કાછાકાછિ' પુસ્તકનું નામ એનાં લેખિકા મૈત્રેયી દેવીને સ્વમુખે જ પહેલી વાર સાંભળ્યું. શ્રી નગીનદાસ પારેખને એનું કુતૂહલ સૌથી વધારે હોય તે સ્વાભાવિક હતું. ગુજરાતને રવીન્દ્રનાથ આપનારાઓમાં મુખ્ય છે શ્રી નગીનદાસ પારેખ.

દીક્ષાન્ત સમારંભ પછી અમે આચાર્ય ઉમાશંકર જોશીને કહ્યું કે કવિ જયદેવના ગામ કેન્દુલી જવું જોઈએ. પોતાની અંગત રીતે તેમણે ગોઠવણ કરી, અને અમે કેન્દુલી જવા ઊપડ્યા. મૈત્રેયી દેવી સાથે હતા. રસ્તે આખે રવીન્દ્રનાથની કવિતાનો ધોધ વરસવા લાગ્યો. મૈત્રેયી દેવી આખી ને આખી કવિતાઓ બોલતા જાય. રવીન્દ્રનાથથી એ કેટલા સભર હતા તેની પ્રતીતિ સતત થતી રહી

શ્રી નગીનદાસને એ અઠવાડિયામાં જ કલકત્તામાં 'રવીન્દ્રતત્ત્વાચાર્ય'ની ઉપાધિથી વિભૂષિત કરવાનું ટાગોર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે એ નક્કી કર્યું હતું. અમે લોકો શાંતિનિકેતનથી કલકત્તા આવ્યા. અહીં બંગાળના અનેક સાહિત્યકારોને મળવાનું થાય તે સ્વાભાવિક હતું. વાતવાતમાં 'ન હન્યતે'ની પણ વાત નીકળતી ત્યારે ં વિષે તેઓ થોડા રિઝર્વેશનથી બોલતા. પછી તરત કહે 'તમે એમનું 'સ્વર્ગેર કાછાકાછિ' જોયું? એ વધારે સારું છે. રોગશય્યાગ્રસ્ત અબૂ સઇદ ઐય્યૂબે તો કહ્યું કે 'પર્હેપ્સ ઇટ ઇઝ હર બેસ્ટ.'

બંગાળમાં મૈત્રેયી દેવીનું નામ રવીન્દ્રાનુરાગીઓમાં મોખરે છે. મૈત્રેયી દેવીએ પણ એક વાર હસતા હસતા કહ્યું કે મેં 'ન હન્યતે' નવલકથા લખી, પણ કોઈ પ્રકાશક એને છાપવા ઉત્સાહ બતાવતા નહિ કહે કે તમે રવીન્દ્રનાથ વિષે તમારું કોઈ પણ પુસ્તક આપો — અબઘડી છાપી દઈએ.

'મંગપુતે રવીન્દ્રનાથ'માં ઉત્તરવયના રવીન્દ્રનાથનાં સંસ્મરણો છે. મૈત્રેયી દેવી એમના પતિ સાથે દાર્જિલિંગના પહાડોની અંદર આવેલા એક પહાડી ગામ મંગપુમાં રહેતા. રવીન્દ્રનાથ જે ત્રણેક વાર ત્યાં ટુકડે ટુકડે રહી આવ્યા તે દિવસોની મધુર ઉજ્જવળ સ્મૃતિઓ એ પુસ્તકમાં આલેખાઈ છે.

'સ્વર્ગની લગોલગ' પુસ્તક પણ રવીન્દ્રનાથનાં સ્મરણો વિષેનું છે. પરંતુ 'મંગપુને રવીન્દ્રનાથ' અને આ પુસ્તકની પ્રકૃતિમાં ફેર છે. સ્વયં મૈત્રેયી દેવીએ આ પુસ્તકમાં એક સ્થળે નોંધ્યું છે:

"'મંગપુતે રવીન્દ્રનાથ' ('ગુરુદેવ અમારે આંગણે') મારા ઘરસંસારના પરિવેશનું પુસ્તક હોવા છતાં તેમાં મારું પોતાનું મન, મારો પોતાનો અનુભવ અને મારી પોતાની ભાવના બધું જ મોટે ભાગે પ્રચ્છન્ન રાખ્યું છે..."

[ પરબ : 1985 : 3

પરંતુ આજે અહીં જે ઇતિહાસ લખવા બેઠી છું તે કેટલેક અંશે મારી પોતાની જ કથા છે. રવીન્દ્રનાથના પત્રોને આધારે મારા પોતાના જ જીવનને હું પાછું ફરીને જોઉં એવો મારો અભિપ્રાય છે" (પૃ ૪૮)

ભલે મૈત્રેયી દેવીએ કહ્યું કે 'મારી પોતાની જ કથા છે' પણ એ કથા રવીન્દ્રનાથ સંદર્ભે જ છે અને એટલે વિશેષ મૂલ્યવાન છે. વળી અહીં જે રવીન્દ્રનાથ છે તે વ્યક્તિ રવીન્દ્રનાથ છે, માનવ રવીન્દ્રનાથ છે કવિ રવીન્દ્રનાથને તો આપણે સૌ વત્તેઓછે અંશે ઓળખીએ છીએ પણ ઉત્તરવયના રવીન્દ્રનાથની જે અંતરંગ છવિ અહીં આલેખાઈ છે, તેનો ઝાઝો પરિચય આપણને નથી

એ ખરું કે આ અતરગ છવિ મૈત્રેયી દેવીની ચેતનામાં ઝબકોળાઈને આપણી સામે આવે છે. કવિના દીર્ઘજીવનમાં હજારો લોકો તેમના સંપર્કમાં આવ્યા છે. તેમાથી ઘણાને તેમની નિકટ રહેવાનુ સદ્ભાગ્ય મળ્યુ છે તેમાથી ઘણાએ રવીન્દ્રનાથના સ્મરણો આલેખ્યા છે. એ દરેક સ્મરણલેખકની ગ્રાહિકાશક્તિ, રુચિતંત્ર એમાં પ્રતિબિંબિત થવાના. એટલે જુદી જુદી વ્યક્તિઓ એક જ સમયના રવીન્દ્રનાથ વિષે વાત કરવા બેસે તોપણ તેમની એ વાતમા ભિન્નતા રહેવાની, એટલું જ નહિ બન્નેનો આગવો રસ હોવાનો 'રસ' શબ્દ હુ જાણી જોઈને વાપરું છું. આ રસ એક સર્જનાત્મક કૃતિ વાંચવાથી પમાતા રસનો સહોદર છે, બલકે એ પણ રસ જ છે.

વળી 'સ્વર્ગની લગોલગ'મા કોરાં સ્મરણોનો ઇતિહાસ અનુમોદ્ય સચય નથી અનુરાગી ચિત્તમાં રૂપાયમાન સ્મરણોમાં લાંબા વીતેલા સમયનો રગ ચઢતો હોય છે. પ્રૌઢ વયે તેમા એક નોસ્ટાલ્જિયાનો ભાવ જાગે છે. ખરેખર તો જે આસ્વાદ્ય છે તે તો આ રંગ. આ ભાવ એ રંગ અને એ ભાવ સાથે પત્રો ગૂંથી લેવામાં આવ્યા છે. કદાચ ઊલટાવીને કહી શકાય કે રવીન્દ્રનાથના પત્રો મુખ્ય છે અને એ પત્રોની સેર ગૂથવા માટે લેખિકાએ સંચિત સ્મરણોના સૂત્રનો ઉપયોગ કર્યો છે એટલે અહીં જેમ રવીન્દ્રનાથ છે, તેમ મૈત્રેયી દેવી પણ છે

ધારો કે આ પુસ્તકમાં જે બધા પત્રો છે, તેને સમયનો ક્રમ જાળવીને આપી દેવામાં આવ્યા હોત તો? તોય પત્રસાહિત્ય તરીકે એનું મૂલ્ય જરીય ઓછું ન હોત, રવીન્દ્રનાથના સેંકડો પત્રો એ રીતે છપાયા છે આ રીતે છપાતા પત્રોની પોતાની એક આંતરિક મહત્તા અને મૂલ્ય વિવાદથી પર છે પરંતુ એ છિન્ન પત્ર જ રહે છે. એ પત્રોને જ્યારે સ્થળકાળનો સંદર્ભ મળે છે ત્યારે પત્ર લખનાર અને પત્ર મેળવનાર એ બન્ને ચૈતન્યોના જીવંત સ્પર્શથી જે માત્ર દસ્તાવેજી સામગ્રી હોત, તે રસોત્તીર્ણ સર્જન બની રહે છે.

શ્રી ઉમાશંકર જોશી ઘણી વાર આ યુગમાં પાકેલાં આપણાં દેશની વિભૂતિઓના પત્રલેખન સંદર્ભે ત્રણ મહાપુરુષોનો ઉલ્લેખ કરતા હોય છે – રવીન્દ્રનાથ ઠાકુર, મહાત્મા ગાંધી અને શ્રી અરવિંદ. બીજા પણ છે. અજસ્ર પત્રો લખ્યા છે આ મહાપુરુષોએ. એ રીતે એમણે અસંખ્ય માનવઉરો સાથે સેતુ રચ્યો છે. રવીન્દ્રનાથના પત્રલેખન વિશે એક સુંદર ઉપમાથી મૈત્રેયી દેવીએ નિર્દેશ કર્યો છે. છેક ૧૯૩૭માં જ સ્વાસ્થ્યને અનુલક્ષીને ડૉક્ટરોએ કવિને કાગળપત્ર લખવાની મના કરી હતી—

> 'ત્યાર પછી બીજાં પચ્ચીસ વર્ષ સુધી એમણે હજારો પત્રો લખ્યા છે, પવનથી હાલતા મહાવૃક્ષની પેઠે પ્રત્યેક માણસના સ્પર્શથી નિરંતર અવિરત પત્રધારા ખરતી રહી છે.' (પૃ. ૩૬)

રવીન્દ્રનાથરૂપી મહાવૃક્ષ પરથી ખરેલા કેટલાક છિન્નપત્ર અહીં મૈત્રેયી દેવીના સ્મૃતિસૂત્રમાં પરોવાઈ સંકલિત થયાં છે. પણ આ સ્મૃતિના જુદા જુદા સ્તર છે. અહીં બાલિકા મૈત્રેયીની, કિશોરી મૈત્રેયીની, યુવા મૈત્રેયીની સ્મૃતિઓ છે, અને એ સૌ સ્મૃતિઓને પુનઃ સ્મરતી આજનાં ઉત્તરવયના મૈત્રેયીની સ્મૃતિ છે. એક વખતની 'મુગ્ધ' મૈત્રેયીને જે રવીન્દ્રાનુભૂતિ થઈ હતી, તે અનુભૂતિક્ષણને પકડતા આજનાં મૈત્રેયીય એટલા જ 'મુગ્ધ' લાગે છે વર્તમાનના એક બિંદુ પર એમીને લેખિકા જ્યારે આ પુસ્તક લખે છે ત્યારે એ બિંદુ પરથી વારંવાર તે અતીતમાં જાય છે, કેમકે વાત તો અતીતની છે; પણ એ અતીત ક્યારેક બહુ દૂરનો હોય છે ક્યારેક હસ્તન હોય છે, અને એ બન્ને અતીતની વર્તમાનક્ષણે રચાતી સન્નિધિ અનાસ્વાદિત રસનો અનુભવ કરાવે છે

પુસ્તકનો આરંભ લેખિકા રવીન્દ્રનાથના એક પત્રથી કરે છે, પરંતુ એ પત્ર લેખિકાને નહિ, પણ લેખિકાના પિતા સુરેન્દ્રનાથ દાસગુપ્તને તેમના એક પત્રના ઉત્તર રૂપે ૧૯૦૮મા લખાયેલો છે સુરેન્દ્રનાથ દાસગુપ્ત રવીન્દ્રનાથના પરમ ગુણાનુરાગી હતા, પણ વિશેષે તો તેઓ આપણા દેશના તત્ત્વજ્ઞાનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન હતા. પણ આ પત્ર જ્યારે તે મેળવે છે ત્યારે તો તેઓ એક જિજ્ઞાસુ તરુણ હતા, માર્ગાન્વેષી હતા. આ પહેલો પત્ર રવીન્દ્રનાથના બહુલાંશ પત્રલેખનની પ્રકૃતિનો પરિચાયક છે. તેમાં એક જિજ્ઞાસુ તરુણના 'આકુળતા સાથે ઊભરાતા હૃદયે' લખાયેલા પત્રનો જવાબ છે. એ 'અંગત' છે, પણ એમાં વ્યક્તિનિરપેક્ષ એક ઊંડો 'તાત્ત્વિક સંદેશ' પણ છે : ...'જીવન માત્ર નિયત માર્ગે ચાલવામાં સમાઈ જતું નથી. જીવન તો રસ્તો શોધી કાઢવામાં રહેલું છે...'વગેરે. (પૃ. ૩) અને એ રીતે સર્વજન ઉપાદેય છે. વળી એ પત્ર રવીન્દ્રનાથના સર્જનની સ્રોતમાં પણ લઈ જાય છે. પત્ર 'ચતુરંગ' નવલકથાના તે જમાનાના બે વિશિષ્ટ

આત સાકાર કરતાં પાત્રો શચીશ અને જગમોહનના આલેખન પર પણ પ્રકાશ પાડે છે (પૃ ૫, ૬, ૭) આવા અનેક પત્રો આ પુસ્તકમાં ગુંથાયા છે.

લેખિકાની મૂળ યોજના તો તેમના પોતાના પર રવીન્દ્રનાથના જે પત્રો છે, તેને આધારે ભૂતકાળના એ દિવસોની ચર્ચા કરી એ વખતના જમાનાનું અને એમના જીવનનું ચિત્ર અંકિત કરવાની છે. પણ પોતા પરના પત્રો હાથમાં લીધા પછી લાગ્યું કે ઉપરોક્ત હેતુ માટે તો 'તેથી પણ પહેલાંથી શરૂઆત કરવી જોઈએ.' (પૃ. ૮) એટલે આ પ્રથમ પત્ર – એ સમયનો, જ્યારે લેખિકાનો જન્મ પણ થયો નહોતો.

રવીન્દ્રનાથ અને સુરેન્દ્રનાથના પત્રાચારના પારસ્પરિક સંપર્કની વાત કર્યા પછી લેખિકા રવીન્દ્રનાથ સાથેના પોતાના સંપર્કની વાત કરે છે. નવ વર્ષની વયે ૧૯૨૩માં રવીન્દ્રનાથને જોયા હતા એ સ્મરણનું આલેખન છે. પછી પિતાની પ્રેરણાથી રવીન્દ્રનાથને લખેલા પત્રનો જવાબ મળતાં બાલ્યહૃદયમાં જાગેલા પ્રતિભાવને સ્મરે છે :

'વિશ્વવંદિત રવીન્દ્રનાથ ઠાકુરનો સાચેસાચ જ મારા પર એક પત્ર આવ્યો.'

બાલિકા મૈત્રેયી પર રવીન્દ્રનાથનો એ પહેલો પત્ર. વર્ષ ૧૯૨૭નુ. પછી દિવસે દિવસે મૈત્રેયી દેવી રવીન્દ્રનાથનાં આત્મીય થતાં ગયાં છે, પરંતુ લેખિકા નોંધે છે તેમ :

'દૈવયોગે નહિ. મારે સાધના કરવી પડી છે. રીતસર તપસ્યા અને તે આજે પણ પૂરી થઈ નથી.' (પૃ. ૮૮)

રવીન્દ્રનાથનાં આત્મીય થવાની તપસ્યા રવીન્દ્રનાથના અવસાન પછી પણ ચાલતી રહી છે અને એ તપસ્યાનુ એક પરિણામ અનાથ શિશુઓ માટે તેમણે શાંતિનિકેતનના આદર્શ પર સ્થાપેલું 'ખેલાઘર' અને બીજું પરિણામ તે આ પુસ્તક 'સ્વર્ગની લગોલગ.'

તે દિવસોમાં જ મૈત્રેયી દેવી કલકત્તાની નજીક આવેલી સંસ્થા 'ખેલાઘર'ની પ્રવૃત્તિઓ જોવા અમને લઈ ગયાં હતાં. શ્રી ઉમાશંકરભાઈ તથા નગીનદાસભાઈની સાથે એ તક મને મળી હતી. રવીન્દ્રનાથની ભક્તિ તો ખરી જ, પણ માત્ર ભક્તિ નહિ, તેમણે સેવેલા આદર્શોને કંઈક અંશે કાર્યમાં પરિણત કરવાનો મૈત્રેયી દેવીનો આ પ્રયાસ છે. તેમણે પોતાને રવીન્દ્રનાથની 'છાયૈવાનુગતા' કહી છે, તે તેમની આ પ્રવૃત્તિથી પણ સમજાય છે. 'ખેલાઘર'ને જોતાં શાંતિનિકેતનનું [illegible] થયા વિના રહે નહિ.

'સ્વર્ગની લગોલગ'માં તેમણે રવીન્દ્રનાથની અંતરંગ છવિ આલેખી છે, તેની વાત અગાઉ કરી છે. આ માટે પોતા પર લખાયેલા પત્રોનો ઉપયોગ કર્યો છે.

તેઓ માને છે કે રવીન્દ્રનાથને લગતું જે કંઈ હોય તે બધા ઉપર સૌનો અધિકાર છે.

આપણે સૌ જાણીએ છીએ કે એક કવિ તરીકે રવીન્દ્રનાથ આનંદના યાત્રી છે, જોકે વેદનાનોય તેમણે મહિમા અપાર કર્યો છે. કવિ રવીન્દ્રનાથને મન પૃથ્વીની ધૂળ મધુમય છે, જે ધૂળમાં સત્યનું આનંદરૂપ મૂર્તિમંત થયું છે. એમણે પોતાની કવિતામાં એ પણ કહ્યું છે કે જીવનમાં હું સુન્દરના મધુર આશીર્વાદ પામ્યો છું. મનુષ્યના પ્રીતિપાત્રમાં એની સુધાનો આસ્વાદ પામુ છું એટલે તેઓ કહે છે કે' 'જીવનવિધાતા તરફથી મને જીવનમાં જે અનુકૂળતાઓ સાંપડી છે તેની સ્મરણલિપિ કૃતજ્ઞ મનથી મેં આંકી રાખી છે.'

પરંતુ કવિના વ્યક્તિગત જીવનમાં શું માન-અપમાન, દુઃખ વ્યથા નિરાશા-અવસાદ આદિ નહોતાં? કાલિદાસ વિષેના પોતાના એક કાવ્યમાં કાલિદાસને પ્રશ્ન કરવામાં આવ્યો છે કે તમારા જીવનમાં આશાનિરાશા સુખદુઃખનાં દ્વન્દ્વ શું અમારી જેમ નહોતાં? અવજ્ઞા અવહેલના અપમાન અન્યાય જીવનમાં નહોતા મળ્યાં? રાજસભાના ષડ્યંત્રના ભોગ બનવાનું આવ્યું નહોતું...આદિ આ બધું જ હતું, પણ તમારી કવિતાનુ સૌન્દર્યકમલ એ બધાથી નિર્લિપ્ત રહી આનંદના-સૂર્ય તરફ ખીલ્યું છે. કેમકે;

'જીવન મ થન વિષ નિજે કરિ પાન,
અમૃત યા ઉઠેછિલ કરે ગેછ દાન.'

જીવનમંથનમાંથી નીકળેલા ઝેરને પોતે પી ગયા અને જે અમૃત નીકળ્યું, તેનું દાન કરી ગયા છો.

કાલિદાસને વિષે રવીન્દ્રનાથ કદાચ કવિમાત્રની વાત કરી ગયા છે.

શિક્ષણવિષયક પોતાના આદર્શને મૂર્તિમંત કરવા રવીન્દ્રનાથે શાન્તિનિકેતનમાં વિશ્વભારતીની સ્થાપના કરી હતી. પોતાની ઉત્તરવયમાં તેમના આદર્શો મૂર્તિમંત થતા ન જોઈ રવીન્દ્રનાથ ગ્લાનિ અનુભવે છે. ગ્રંથને અંતે આજના શાંતિનિકેતન વિષે મૈત્રેયી દેવીનો તીવ્ર પ્રતિભાવ જોવા મળે છે. કવિએ એક પત્રમાં લખ્યું છે: 'અર્જુન હવે પોતાનું ગાંડીવ ઉપાડી શકતો નથી.' (પૃ. ૩૭૨) પરંતુ મૈત્રેયી દેવી કહે છે કે તેમનું સૌથી મોટું કષ્ટ તો નિઃસંગતા હતું. કવિની ઉત્તરાવસ્થાની આ નિઃસંગતાને તેમણે ઉપસાવી છે. ૩૮૩મા પૃષ્ઠ ઉપરના પત્રમાં પોતા માટે–'એકલો અત્યંત એકલો' એવા શબ્દો વાપરી લિખિતંગમાં લખ્યું છે–'તમારો નિર્વાસિત રવીન્દ્રનાથ.' એક પત્રમાં લિખિતંગમાં છે 'હતાશ કવિ રવીન્દ્રનાથ.' આપણને થાય કે આ પણ રવીન્દ્રનાથ?

હા, આ પણ રવીન્દ્રનાથ. એટલે એમને વધારે ચાહવાનું મન થાય છે એ માત્ર ઊંચાઈએ બેઠેલા કવિ પયગંબર નથી રહેતા. સર્વ પ્રકારની માનવીય મર્યાદાવાળા મનુષ્ય છે, જે એ મર્યાદાઓને અતિક્રમે છે. અનેક વાર્તાલાપો, પત્રો, ઘટનાઓ ટાંકી મૈત્રેયી દેવી કહે છે કે 'રવીન્દ્રનાથ લોહીમાંસના માણસ હતા.' (પૃ ૧૭૩) પરંતુ એ વાતનું વિસ્મરણ ન થવું જોઈએ કે એ 'મૂઠી ઊંચેરા' માણસ હતા. એમના બહુ ઓછા સમકાલીનો એમને સમજ્યા. સમકાલીનોની અનુદાર ટીકાઓ રવીન્દ્રનાથને સતત સાંભળવા મળતી. એ વાતનું એમને ભારે દુઃખ રહ્યું છે એમનાં પરિજનો પણ તેમાં આવી જાય. પરિશિષ્ટમા આપેલો લેખ 'કુટિરવાસી' એની સાખ પૂરશે. અને 'ભક્તો'નો ત્રાસ પણ કંઈ ઓછો હોતો નથી. રવીન્દ્રનાથ કેમ બધું સહન કરતા રહ્યા એનું હૃદયસ્પર્શી ચિત્રણ મળે છે. એક પત્રમાં તે લખે છે :

'મારા જન્મોત્સવ અંગે અહીંના સ્વજનો અને પરિજનો ખૂબ કામમાં પડ્યા છે. તેમની એ રમતમાં મારે ઢીંગલી થવાનું છે હું નિષ્ક્રિય ભાવે તેમના હાથમાં આત્મસમર્પણ કરીશ – કાતર સ્વરે કહીશ – યથાનિયુક્તોઽસ્મિ તથા કરોમિ' (પૃ. ૨૬૯)

વાલ્મીકિ વિશેની એક કવિતા 'ભાષા ઓ છંદ'માં રવીન્દ્રનાથે લખ્યું છે કે દેવતાનું દાન અગ્નિસમ હોય છે. વિધાતા એ જેને આપે છે, તેની છાતીમા અપાર બળતરાઓ હોય છે. તેને નિત્ય જાગરણ હોય છે. કવિ રવીન્દ્રનાથ આવું દાન પામ્યા હતા. વળી નિઃસંગતા એ કવિ માત્રની નિયતિ હોય છે.

પરંતુ સૌ દુઃખો પર રવીન્દ્રનાથ વિજય મેળવે છે આંતરિક આનંદથી, પ્રખર વિનોદથી. ગાંધીજી જેવી જ વિનોદવૃત્તિ રવીન્દ્રનાથમાં જોવા મળે છે. તેમા વળી રવીન્દ્રનાથ તો રહ્યા કવિ. ગાંધીજીનો વિનોદ વાતચીતમાં જેટલો પ્રકટતો, કદાચ તેમના લેખો-પત્રોમાં એટલો નથી પ્રકટતો. રવીન્દ્રનાથનાં લખાણોમાં અજસ્ર વિનોદ જોવા મળે છે. તેઓ માત્ર હાસ્યના લેખક હોત તો એ સાહિત્યકારોમાં ઊંચું સ્થાન પામ્યા હોત.

'મંગપુને રવીન્દ્રનાથ'('ગુરુદેવ અમારે આંગણે')માં રોજબરોજના જીવનમાં કવિ કેટલા વિનોદપ્રવણ હતા, તેનો અનુભવ થાય છે. આ ગ્રંથના પત્રોમાં ઘણી વાર તો પદે પદે વિનોદનો આવિર્ભાવ થતો હોય છે. ક્વચિત્ એ વિનોદમા વિષાદની થોડી માત્રા પણ હોય છે. એક પત્રમાં લખે છે, ડૉક્ટર પાસે જવાની ઇચ્છા નથી – 'પરંતુ ચિકિત્સકને છેતરવા જતાં રખેને યમરાજ અટ્ટહાસ્ય કરે એ ભયે જવાનું જ નક્કી કર્યું છે.' (પૃ ૧૦૭) ૧૯૩૦માં અમદાવાદમાં આવ્યા

પછી માંદગીને લીધે બંગ સાહિત્ય સંમેલનના અધ્યક્ષના જવાબુ નાહ વ સમાજ ટીકાઓ થતા એક પત્રમાં લખે છે. 'પ્રત્યક્ષપણે દવા ખાઉં છુ અને પરોક્ષપણે ગાળ ખાઉં છુ – આ રીતે મારો શુભ માઘ માસ પણ પૂરો થવા આવ્યો નાડી સ્પિન્દન બંધ ન થાય ત્યાં સુધી દેશના લોકો માફ કરનાર નથી પરંતુ મારું નસીબ એવુ છે કે જમનો દૂત આવે છે, પણ રથ આવતો નથી – એટલે સ્મરણ સભામાં જેઓ વિલાપ કરત, તેઓ સાહિત્યસભામા કડવાં વેણ કાઢે છે' (પૃ ૧૧૫)

રવીન્દ્રનાથને સભા સમિતિઓમા લઈ જવા માટે કે તેમનુ સમ્માન કરવા માટે આયોજન કરનારાઓની પરંપરા બની રહેતી એક પત્રમા લખે છે: 'આ વરસના રવીન્દ્રમેષ યજ્ઞની ઉપક્રમણિકા તમારા લોકોને હાથે જ છો પતી જતી' (પૃ ૧૮૧) પોતાના નામ 'રવિ' પર શ્લેષ કરીને અનેક વખતે વિનોદ કર્યો છે એક પત્રમા સાંજના પોતે બહાર જવાનું હોઈ બપોરે આવવાનું કહી લખે છે – 'સાંજે રવિ અંતર્ધાન થશે' (પૃ ૨૬૬) 'મે મારા આકાશના નામેરીના કિરણોનો મારો સતત વેઠયો હતો' (પૃ ૩૪૭) પોતે કેટલા જાહેર વ્યક્તિ બની ગયા છે તેનો નિર્દેશ કરતા લખે છે 'મારા આકાશમાંના નામેરીની પેઠે મારા ઉદયાસ્તના સમાચાર છાપાઓમા છપાતા હોય છે' (પૃ ૨૩૨)

ઘણી વાર વિનોદ શબ્દોની લીલામા પ્રકટ થાય છે એક પત્રમા લખે છે, 'આ પત્ર તારી આપેલી લેખિની વડે લખાય છે – એની ચાલચલગત સારી છે' (પૃ ૩૦૭) પગરખા, રહી ગયાની વાત એક પત્રમાં આ રીતે આવે છે – 'મારુ પાદુકાયુગલ અત્યાર સુધીમા તારા કરતલગત થયું હશે ફરી કોઈ વાર મારા પદતલવર્તી થશે તો જીવ હેઠો બેસશે' (પૃ ૩૧૧)

ઘણી વાર આ વિનોદ પત્રકવિતાઓ દ્વારા છલકાતો, મધની માગણી કરતા પત્રકાવ્યો તરત ધ્યાનમા આવે એવુ ઉદાહરણ છે જ્યા મૈત્રેયી દેવી રહેતા હતાં તે મંગપુના નારંગીના વનનુ મધ વખણાતુ પણ એક વખત મધ મળતુ નહોતુ એને અનુષંગે પત્રકાવ્યોનો વિનિમય થયો પછી મધ પણ મળ્યું, ફરી ફરી મોકલ્યું. દરેક વખતે સામે કવિતા મળી એ કવિતાઓ મૈત્રેયી દેવીએ આપણને સુલભ કરી આપી કવિની વિનોદવૃત્તિમા આપણને સહભાગી બનાવ્યા છે આ ગ્રંથના વાચકોને પૃ ૩૨૪થી શરૂ કરી ૩૩૦ સુધી એ મધુચર્ચાનો આસ્વાદ મળશે

રવીન્દ્રનાથ હાસ્યપરિહાસમા એટલા રાચે છે કે ઘણી વાર તો થાય કે 'કવિ સાર્વભૌમ' તે આ? એક પ્રસંગ મૈત્રેયી દેવી ટાંકે છે. એક વાર અગાઉથી આયોજિત સભા માટે કવિને લેવા માટે તેઓ જાય છે ત્યા કવિ નિર્વિકાર ભાવે કહે છે, 'તું એકાએક કવખતે ક્યાંથી?' મૈત્રેયી દેવીએ કહ્યું, 'હુ

તમને લેવા આવી છુ' કવિએ કહ્યુ કે 'હુ તો બિલકુલ ભૂલી જ ગયો હતો. આ બધા મને ચ દનનગર લઈ જવા આવ્યા છે' મૈત્રેયી દેવી તો ગભરાઈ જાય છે પણ પછી કવિ કહે છે–'તને છેતરવી એ બહુ સહેલુ છે જોતી નથી તારી રાહ જોતો કેવો બનીઠનીને બેઠો છુ' મૈત્રેયી દેવી નોંધે છે

'આ હતા માણસ રવીન્દ્રનાથ વાતવાતમા ગમત કરવી, છેતરવુ, કોઈને મૂઝવણમા નાખવુ, ભૂતનો ભય દેખાડવો–એ બધામા નાની ઉમરનાને પણ હસાવી દેતા' (પૃ ૧૮૭)

છતાં પણ આ ગ્રથ વાચતા અ તે જતા વિનોદનો ભાવ ચિત્ત પર છવાઈ જાય છે, કેમકે એ વિષયને લેખિકાને થતા અગત પરિતાપની આત્મગ્લાનિનો સ્પર્શ છે તેમને એવો વસવસો રહી ગયો છે કે રવીન્દ્રનાથની જેટલી સેવા કરવી જોઈતી હતી, તેમને જેટલુ સાહચર્ય આપવુ જોઈતુ હતુ તેટલ તે આપી શકયા નહિ એ ભાવની અભિવ્યક્તિ ગ્રથને અ તે જતા કરુણાત્મકતાની કોટિએ પહોચી જાય છે

કોઈ એક પત્ર એટલે એક પ્રકારની અ તરગતા રવીન્દ્રનાથે અનેક પ્રકારના લોકોને અનેક રીતના પત્રો લખ્યા છે પરતુ અહી મુખ્યત્વે એક વ્યક્તિવિશેષને લખાયેલા પત્રો છે છતાં પત્રે પત્રે કેવી જાત જાતની છટાઓ પ્રકટે છે, કેટલાક તો મનોરમ પત્રકાવ્યો છે માત્ર બેચાર લીટીના પત્રમા પણ એકાદ રવીન્દ્રિક સ્પર્શનો ઝમકારો આવ્યા વિના ન રહે રવીન્દ્રનાથના પત્રસાહિત્યમાં સૌથી ઉત્તમ તો ગઈ સદીનાં અ તિમ ચરણ(૧૮૮૫થી ૧૮૯૫)મા લખાયેલા 'છિન્નપત્ર' નામથી સગૃહીત થયેલ પત્રો છે એ વખતે એ પત્રો ભવિષ્યમા પ્રકટ થશે એની પત્ર લેખકને લવલેશ શકા નથી પણ રવીન્દ્રનાથના જીવનના ઉત્તરાર્ધમા લખાતા પત્રો વિશે એવુ નથી એ પત્રોમાં એક સભાનતા છે કેટલાક પત્રો એક વ્યક્તિને લખાયેલા છતા જાણે અનેક માટેના છે તેમ છતા એ પત્રોનુ સૌન્દર્ય ઓછુ નથી

કવિએ મૈત્રેયી દેવીને પોતાના ઉત્તરવયમા નિકટ સ્વજનોમાના એક ગણ્યા છે, અને એટલે પેલી સભાનતાને અતિક્રમી જઈને સહજ અ તરગતા પ્રકટે છે એ પત્રોને આધારે રચાયેલો આ ગ્રથ છે જેમાંથી પ્રકટે છે, આરભમાં કહ્યુ છે તેમ ઉત્તરવયના રવીન્દ્રનાથની અ તરગ છવિ લેખિકાએ લખ્યુ છે. (પૃ ૨૫)

'કવિના અ તિમ વયના પત્રોને આધારે હુ આ જે ચિત્ર રચુ છુ તેમા વાચક કદાચ કોઈ ઊડુ જટિલ તત્ત્વ ના પણ પામે કોઈ સમસ્યાની ચર્ચા પણ નહિ મળે રાજકારણ ધર્મકારણ, સમાજકારણ કશું જ નથી–છે માત્ર એક અસ્તોન્મુખ વિરાટ પ્રતિભાના અ તરાત્માની સાક્ષી–જેઓ રેગ કે

વાર્ધક્યથી પરાજિત થયા નથી – પ્રેમનું અરૂપનું ઝરણું એ જ જેમની સમગ્ર શક્તિ અને સમગ્ર પ્રેરણાનું મૂળ છે. મારા વાચકો અહીં તે જ કવિને જોવા પામશે જેઓ નાનામાં નાના માણસની ભક્તિ અને પ્રેમને 'પ્રકૃતિના દાન'ની પેઠે 'રસપૂર્ણ આકાશની વાણી'ની પેઠે ગ્રહણ કરી શકે છે, જેમનો અંતિમ ઉદ્ગાર –

" એ વિશ્વેરે ભાલોબાસિયાછિ
એ ભાલોબાસાઈ સત્ય એ જન્મેર દાન"

– આ વિશ્વ ઉપર મેં પ્રેમ કર્યો છે, એ પ્રેમ જ આ જન્મનું સાચું દાન છે.

રવીન્દ્રનાથની કવિતામાં અનેક વાર આવે છે કે મેં આ જગતને પ્રેમ કર્યો છે. 'સ્વર્ગેર કાછાકાછિ' (સ્વર્ગની લગોલગ) શબ્દો તેમની 'જન્મદિન' નામની એક કવિતામાં આ પ્રેમના સંદર્ભમાં પ્રયોજાયા છે. એમાં આ પ્રેમ સ્વર્ગની લગોલગ લઈ જાય છે એ ભાવ પ્રકટ થયો છે.

પોતાના આ પુસ્તકના શીર્ષક માટે મૈત્રેયી દેવીએ 'જન્મદિન' કવિતામાંથી 'સ્વર્ગેર કાછાકાછિ' શબ્દો અને એનો ભાવ લીધાં છે. કવિ રવીન્દ્રનાથ પાસેથી એમને જે મળ્યું છે તેની લાગણીભરી રીતે વાત કરતાં લખે છે :

'...તેમની દૃષ્ટિ મારફતે અમે જોયું છે અનિવર્ચનીય ને, પામ્યાં છીએ અપ્રાપ્યને તેમના સંસ્પર્શથી અંતરતમ આનંદઝરણનો બંધ ખૂલી જતાં લીલાસાગરનો પ્રવાહ ઊતરી આવ્યો છે અને અમે પહોંચી ગયાં છીએ 'સ્વર્ગની લગોલગ'.' (પૃ ૩૩૫)

આ ગ્રંથ વાંચતાં રવીન્દ્રાનુરાગી ભાવક પણ એવા ભાવની લગોલગ પહોંચી જશે.

શ્રી નગીનદાસ પારેખ એટલે ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનના વિદ્યાર્થી. ગાંધીજી અને રવીન્દ્રનાથ તેમના જીવનવ્યવહારમાં, શીલમાં વણાઈ ગયા છે, અને શીલ તેવી શૈલી એ ન્યાયે તેમની લેખનરીતિ ઘડાઈ છે,– સરલ અને સુંદર. આ ગ્રંથ અલબત્ત અનુવાદ છે, પણ એ તો વચ્ચે આવતી બંગાળી કાવ્ય-પંક્તિઓથી જ યાદ આવે. માત્ર રવીન્દ્રનાથ કે તેમના વિષે લગભગ ૩૪ પુસ્તકો તેમણે ગુજરાતીમાં આપ્યાં છે, તેમાં રવીન્દ્રનાથની ઉત્તરકવિતાની વિવેચનાનો અપૂર્વ સહૃદ નૈપુણ્યનો પ્રવિષ્ટ ગ્રંથ 'પાન્ચજનના સખા' થોડાં વર્ષ પૂર્વે તેમણે આપણને આપ્યો હતો. રવીન્દ્રનાથના ઉત્તરજીવનની અંતરંગ છવિ આલેખતો આ ગ્રંથ આપતાં તેઓ પુન: આપણા અભિનંદનના અધિકારી બને છે.

□

પ્રીતિ સેનગુપ્તા

# અમેરિકાના એક નવા વાર્તાકાર : રેમન્ડ કાર્વર

ખીલી પર પડતી હથોડીના ઘા જેવી એમની સચોટ શૈલીનો પ્રભાવ અમેરિકાની આ પેઢીના ઊગતા અને ઊગવા મથતા યુવાન લેખકો પર પડી રહ્યો છે એમના ટૂંકાં, રૂક્ષ વાકચો અને એમના વાર્તાતત્ત્વો તરફ આ યુવાન લેખકો ખેંચાતા જણાય છે નવવાસ્તવવાદના પ્રતીક જેવી એમની કેટલીક ઉત્તમ વાર્તાઓની ગણતરી અમેરિકાના શ્રેષ્ઠ સાહિત્યમા થાય છે અલ્પ સમયમા પૂર્ણ ઉદય પામેલા અમેરિકાના આજના સૌથી વધુ વિખ્યાત વાર્તાકાર છે રેમન્ડ કાર્વર ( Raymond Carver ) વિવેચકો એમને પૂર્ણ પરિપક્વ, સિદ્ધહસ્ત કથનકાર તરીકે નવાજે છે

એમની કવિતાઓની પણ બે નાની પુસ્તિકાઓ છપાઈ છે, પણ કવિ તરીકે એમનુ નામ જાણીતું થયું નથી ૧૯૭૬મા રેમન્ડ કાર્વરનો પ્રથમ વાર્તાસંગ્રહ 'વિલ યુ પ્લીઝ બી ક્વાયેટ, પ્લીઝ ?' પ્રગટ થયો, જે પછી નેશનલ બુક એવૉર્ડ માટે મનોનીત થયો હતો આ પહેલા એમની વાર્તાઓ ઘણા માસિકો તથા સામયિકોમા છપાઈ હતી, પણ આ સંગ્રહથી વિવેચકો તેમ જ વાચકોનુ સવિશેષ ધ્યાન તેમના તરફ દોરાયું ૧૯૮૧મા બહાર પડેલા દ્વિતીય સંગ્રહ – 'વ્હૉટ વી ટૉક અબાઉટ વ્હેન વી ટૉક અબાઉટ લવ' – ને વિષે ન્યૂ યૉર્ક ટાઇમ્સ બુક રિવ્યૂના પહેલા પાના પર લેખ આવ્યો, અને રેમન્ડ કાર્વરનુ નામ દેશભરમા પ્રસરી ગયું તૃતીય, અને અત્યાર સુધીનો અંતિમ સંગ્રહ 'કૅથિડ્રલ' (Cathedral) ૧૯૮૩ના સર્વોત્કૃષ્ટ ૧૩ પુસ્તકોમાં ન્યૂ યૉર્ક ટાઇમ્સે ગણ્યો અને નેશનલ બુક ક્રિટિક્સ સર્કલના કથાસાહિત્યના વિભાગમાં મનોનીત થયો

ટૂંકી વાર્તાના લખનારને આટલું બધું માન મળવું તે નવાઈ જેવું લાગે છે, પણ હમણા અમેરિકામાં આ સાહિત્ય પ્રકાર ઘણો લોકપ્રિય બન્યો છે ખ્યાતનામ વાર્તાકારોના સંગ્રહો તો મોટા પ્રમાણમાં, લાખો પ્રતોના હિસાબે, વેચાતા જ – જેમકે જ્હૉન ચીવરનો વાર્તાસંગ્રહ, પરંતુ હવે નવોદિત, કસબવાળા વાર્તાકાર માટે પણ હજારો પ્રતો વેચવાનું શક્ય બન્યું છે રેમન્ડ કાર્વરના ગંભીર વાર્તાસંગ્રહ 'કૅથિડ્રલ'ની પાકા પૂંઠાની ૨૦,૦૦૦ ઉપર પ્રતો વેચાઈ છે જેને એક અસાધારણ ઘટના કહી શકાય ઉપરાંત, ગયા વર્ષથી એમને 'અમેરિકન અકાદમી એન્ડ ઇન્સ્ટિટ્યૂટ ઑફ આર્ટ્સ એન્ડ લેટર્સ' તરફથી એક મોટી શિષ્યવૃત્તિ મળી છે,

જેને લીધે પાંચ વર્ષ સુધી ફક્ત લખવા-વાંચવા સિવાય કશું કરવાની એમને જરૂર નથી.

કાર્વર કેટલા ભાગ્યશાળી છે, એમ લાગે તે સ્વાભાવિક છે – પણ એમણે અત્યાર સુધી, ૪૫ વર્ષના પોતાના જીવનમાં ઘણું સહન કર્યું છે. ગરીબી, સાધારણ નોકરીઓ, દારૂની લત, છૂટાછેડા, બાળકો સાથે સંબંધનો અભાવ, વચમાં થોડાં વર્ષો માટે સર્જનાત્મક પ્રેરણાની વિદાય વગેરે. ૧૯૭૭માં ૨૦ વર્ષનાં લગ્ન પછી છૂટાછેડા લીધા, અને દારૂ પીવો પણ છોડયો – એ પછી એમનું ભાગ્ય બદલાવા માંડયું.

કાર્વર કહે છે કે, 'I was finished as a writer and as a viable, functioning adult male. It was over for me. That's why I can speak of two lives, that life and this life.' કાર્વરની મોટા ભાગની વાર્તાઓમાં 'એ જિંદગી'ની વાતો છે એમનાં પાત્રો અભાગિયાં જેવાં છે કારણકે એ લોકોની જિંદગી ભાગ્યહીન છે, આનંદ-વિહોણી છે. એમને બહુ કશુ જોઈતું નથી હોતું, ને જે થોડુ ઘણું એમને જોઈએ છે તે મળતું પણ નથી લાગતું એમને સિદ્ધિ કરતાં વધારે શાંતિ જોઈએ છે એ લોકો ભૂખે મરે છે એમ નથી પણ એમનાં મન મરી ગયેલા છે, ભણેલાં કે હોશિયાર નથી એમ નથી, પણ છતાં એ લોકો દીન-હીન લાગે છે. કાર્વરનું મુખ્ય મૂલ્ય છે એમની 'sense of a peculiar bleakness'માં. કાર્વરનાં પાત્રો અમેરિકાના નિમ્ન-મધ્યમ વર્ગના લોકો છે: સાધારણ, રુઢિગત, સાવ સામાન્ય અભિરુચિવાળા. એમનું જીવન સમજવું અઘરું નથી, જીવવું જ અઘરું છે. કાર્વર પોતે જ્યાંથી આવ્યા છે એ જગ્યાની વાતો કરે છે: શ્રમસિદ્ધ, કુછરૂ જગ્યાની વાતો.

આ લોકોની જિંદગી જેટલી રિક્ત છે, જેટલી અસહ્ય રીતે સાધારણ છે, તેટલી કરુણ કે અભાવગત નથી આ ટપાલી, દરવાન, શિક્ષક, બસ-ડ્રાયવર, મિકેનિક, વેઈટ્રેસ, નર્સ વગેરેની જિંદગીઓમાં એક એવી ક્ષણ આવે છે જ્યારથી એમનાં જીવન ઉઘાડાં પડી જાય છે, બદલાઈ જાય છે – ને છતાં કશું ખાસ બદલાતું નથી, છીછરો પ્રવાહ એમ જ વહ્યા કરે છે. કાર્વરની વાર્તાઓમાં ખાવા પીવાના, દારૂ-સિગરેટ વગેરેના ઉલ્લેખો હમેશાં આવ્યા કરે છે. બારણાં ખુલ્લાં હોય છે, કારણકે કોઈ જતું જ હોય છે. ટેલિવિઝન ચાલુ જ હોય છે, કારણકે લોકો સામે જોવા કરતાં ટી.વી. સામે જોવું સહેલું છે. કાર્વરની વાર્તાઓમાં એક જાતની સ્તબ્ધ નિરાશા છે – કશું ઉગ્ર આવેશવાળું દેખાતું નથી. વાર્તાઓમાં

ખરેખર કશું બનતું લાગતું નથી, કારણકે ખરેખર પાત્રોના જીવનમાં કશું બનતું હોતું નથી 'અ સીરિયસ ટૉક' નામની વાર્તામાં પતિને પત્ની અને બાળકોની હાજરીમા ઘરમા બેસી રહેવુ ગમે છે ફક્ત, પતિ-પત્ની છૂટા થઈ ગયેલા છે, અને એ પુરુષને પોતાને જૂને ઘેર વારવાર જવાની છૂટ નથી ખાસ વાત કરવી છે તે બહાને, પત્નીને અકળાવીને પણ એ ઘેર જાય છે, પણ કશુ કરી શકતો નથી, સાથે જ, પહેલાની એ જિંદગીનુ મમત્વ છોડી શકતો નથી છેવટે ફરી કોઈ વાર વાત કરવા આવશે એમ વિચારીને જતો રહે છે તે જ રીતે 'સૅકસ' (Sacks) નામની વાર્તામા પિતા પુત્રને દિલની વાત સમજાવી શકતા નથી પુત્ર ઉતાવળમા છે, એને ઘેર જવા પ્લેન પકડવાનુ છે, વળી, પિતા-પુત્રમા વર્ષોથી ખાસ સબધ રહ્યો નથી 'ફરી કોઈ વાર મળીશુ ' કહીને બને છૂટા પડે છે

કાર્વરની ઘણી વાર્તાઓમા પાત્રોના નામ હોતા નથી – ફક્ત, એ તે, હુ, એ માણસ વગેરે એમની વાર્તાનો અનુવાદ કરવો અઘરો છે કારણકે એ ખૂબ જ લાક્ષણિક રીતે અમેરિકન છે રોજિંદા જીવનની જરૂરિયાતો ટેવો કુટેવોના સતત સદર્ભ આવતા રહે છે તે સિવાય, રેમન્ડ કાર્વરની ભાષા અઘરી નથી એમનુ ગદ્ય કાવ્યમય નથી એમના વાક્યો ટૂકા, સીધાં, અને ક્યારેક કઠોર છે ભાગ્યે જ કશુ વર્ણનાત્મક કે વિશેષણોના વૈભવવાળુ હોય છે એમના લખાણના લયમા શબ્દોનુ પુનરાવર્તન આવ્યા કરે છે, જાણેકે પાત્રોને નવુ કશુ બોલવાનો, શીખવાનો પણ થાક ના લાગતો હોય! એમનુ કથાનક સદતર વ્યવહારિક, વાસ્તવિક છે એમના પહેલા બે વાર્તાસગ્રહોના નામ એમના વલણ અને વિષયનાં સૂચક છે તે જ રીતે કેટલીક વાર્તાઓના શીર્ષક પણ – જેમકે, 'સો મચ વૉટર સો ક્લોઝ ટુ હોમ, ધ થર્ડ થીગ ધેટ કિલ્ડ માય ફાધર ઑફ, 'એવરીથીગ સ્ટક ટુ હીમ' વગેરે

હેરાનગતિની જિંદગી અને સર્જકનો જીવ આ કારણે હજી રેમન્ડ કાર્વરમા કલાકાર (artist) અને સર્વસાધારણ વ્યક્તિ (everyman) થવાની ઉભય વૃત્તિ રહી ગઈ છે, પણ એ ભૂતકાળના જીવનની વાતો પૂરી થઈ રહી હોય એમ વિવેચકો માને છે છેલ્લા સગ્રહ કથિડ્રલની વાર્તાઓ વધુ નિપુણ, વધુ આશા સ્પદ હોય તેમ લાગે છે ઉપરાંત, કાર્વરનુ ભાગ્ય બદલાયુ છે – બધી રીતે પત્ની અને બાળકો સાથે સુખદ સબધ છે – છૂટાછેડા લીધા છતા વાર્તા સિવાય કવિતા અને નવલકથામા પણ એ આગળ વધી રહ્યા છે કાર્વર પોતે કહે છે તેમ ભૂતકાળમા હવે એ મહિનાની થોડી જ પળો ગાળે છે ભવિષ્યમા બહાર આવનારી એમની વાર્તાઓ વર્તમાનની આ સમૃદ્ધિને કારણે કદાચ સાવ જુદી પણ હોય

□

# બીજી એક વાત

એલ. ડી.ની પત્ની મૅક્સિન (Maxine) એક રાતે કામ પરથી ઘેર આવી, અને એલ. ડી.ને દારૂના નશામાં જોયો, અને પંદર વર્ષની દીકરી રે (Rae) સાથે ગાળાગાળી કરતો જોયો. ને એણે એલ. ડી.ને જતા રહેવાનું કહ્યું. એલ ડી. અને રે રસોડાના ટેબલ પર દલીલબાજી કરી રહ્યાં હતાં. મૅક્સિનને એની પર્સ બાજુ પર મૂકવાનો કે એનો કોટ કાઢવાનો પણ સમય ના મળ્યો.

રે બોલી, 'એને કહી દે, મા. કહી દે આપણે શું વાત કરી હતી'

એલ ડી.એ ગ્લાસને પોતાના હાથમાં ફેરવ્યો, પણ એમાંથી પીધું નહીં. મૅક્સિન એને હિંસ્ર અને અકળાવી મૂકે તેવી નજરથી જોઈ રહી હતી.

'જે બાબતો વિષે તુ કાંઈ જાણતી નથી તેમાં તારું માથું ન નાખ,' એલ. ડી. બોલ્યો. એલ. ડી.એ કહ્યું, 'કોઈ પણ વ્યક્તિ આખો દિવસ જ્યોતિષ-શાસ્ત્રની ચોપડીઓ વાંચતી બેસી રહેતી હોય એની વાતમાં વિશ્વાસ હું મૂકી શકતો નથી.'

'આ વાતને જ્યોતિષશાસ્ત્ર સાથે કોઈ સંબંધ નથી,' રેએ કહ્યું, 'તમારે મારું અપમાન કરવાની જરૂર નથી.'

રે ઘણા દિવસોથી નિશાળે ગઈ ન હતી. એ કહે કોઈ એને પરાણે મોકલી નહીં શકે. મૅક્સિને કહ્યુ કે સાધારણ કરુણતાઓની લાંબી હારમાળામાં આ એક વધારાની કરુણતા હતી.

'તમે બંને ચૂપ થઈ જાઓ તો,' મૅક્સિને કહ્યું, 'ઓ ભગવાન, મારું તો માથું પણ દુખે છે.'

'એને કહે, મા,' રે બોલી, 'કહે કે બધું એના માથામાં છે. જેને પણ એ વિષે કાંઈ ખબર છે તે તમને કહેશે કે બધું માથામાં જ છે.'

'શુગર ડાયાબિટિસનું શું?' એલ. ડી.એ કહ્યું, 'ફીટ આવે તે રોગનું શું! એને મગજ નિયંત્રી શકે?'

એણે મૅક્સિનની આંખો સામે ગ્લાસ ઊંચો કર્યો અને પીને ખાલી કર્યો.

'ડાયાબિટિસ પણ,' રેએ કહ્યું, 'ફીટ કાંઈ પણ! તમારી માહિતી માટે કહું કે મગજ શરીરનું સૌથી વધારે શક્તિમાન અંગ છે.'

એણે એલ ડી.ની સિગારેટ ઉપાડી અને પોતાને માટે એક સળગાવી.

'કૅન્સર. કૅન્સરનું શું?' એલ.ડી.એ પૂછ્યું.

એને થયું કે કદાચ અહીં એણે રેને પકડી છે. એણે મૅકિસનની સામે જોયું.

'મને ખબર નથી કે કેવી રીતે અમે આ વાતો પર ચડી ગયાં,' એલ ડી.એ મૅકિસનને કહ્યું.

'કૅન્સર,' રે બોલી, અને એલ ડી ની અણસમજ પર માથું ધૂણાવ્યું, 'કૅન્સર પણ. કૅન્સરની શરૂઆત મગજમાં જ થાય છે.'

'આ તો ગાંડા જેવી વાત છે!' એલ ડી બોલ્યો. એણે ટેબલ પર પોતાની હથેળીથી જોરથી થપાટ મારી. એશ-ટ્રે મૂછી ઊડી. એનો ગ્લાસ એક બાજુ પડીને ગબડવા માંડ્યો. 'તું મૂર્ખ છે, રે! એ તને ખબર છે?'

'ચૂપ કર!' મૅકિસને કહ્યું.

એણે કોટનાં બટન ખોલ્યા અને પર્સ કાઉન્ટર પર મૂકી. એણે એલ ડી.ની સામે જોયું, ને કહ્યું, 'એલ ડી., હવે મારાથી નથી સહન થતું ને રેથી પણ નથી થતું. તને ઓળખે છે તે બધાં જ તારાથી કંટાળ્યા છે હું ઘણા વખતથી વિચાર કરી રહી છું. મારે તને અહીંથી જતો કરવો છે. આજની રાતે આ મિનિટે. અત્યારે જ. અહીંથી હમણાં ને હમણાં જતો રહે'

એલ. ડી નો ઇરાદો ક્યાંય જવાનો ન હતો. એણે મૅકિસન સામેથી અથાણાની બાટલી તરફ જોયું કે જે બપોરના જમવાના સમયથી ટેબલ પર પડી રહેલી એણે બાટલી ઉપાડી, અને રસોડાની બારીમાંથી એનો ઘા કર્યો.

રે ખુરશી પરથી દૂર કૂદી ગઈ. 'હાય રામ! આ ગાંડો થઈ ગયો છે!'

એ જઈને એની મા પાસે ઊભી રહી મોઢાથી એ ટૂંકા શ્વાસો લેવા માંડી.

'પોલીસને બોલાવ', મૅકિસને કહ્યું, 'એ હિંસક છે. એ તને વગાડે તે પહેલાં રસોડામાંથી નીકળી જા. પોલીસને બોલાવ', મૅકિસને કહ્યું.

એ બંને રસોડામાંથી પાછા પગે નીકળવા માંડયાં.

'હું જાઉં છું,' એલ. ડી. બોલ્યો, 'સારું, ભઈ, સારું, હું હમણાં જ જાઉં છું.' એણે કહ્યું, 'મારે માટે તો ઊલટું વધારે સારું એ. તમે લોકો આમેય ગાંડાં જેવાં જ છો. આ ગાંડાંનું ઘર છે ત્યાં બહાર બીજી જાતની જિંદગીની શક્યતા છે, હું સાચું કહું છું, આ કાઈ મહેફિલ નથી – ગાંડાનું ઘર છે'

બારીના કાચમાં પડેલા ગાબડામાંથી આવતો પવન એ પોતાના મોં પર અનુભવતો હતો.

'હું ત્યાં જ જઈ રહ્યો છું,' એણે કહ્યું, 'ત્યાં બહાર', એણે કહ્યું, અને આંગળીથી બતાવ્યું.

ત્યાં મૂળિયાં વચ્ચે
હું થોભ્યો
મા કાળીને નમ્યો
ચરણ પહોળા કર્યાં
નિરાંતે
કુદરતના પીળા સાદને
મેં દાદ આપી

[૫] અંદરની ધાર

એક પતંગિયું અહીં ઊડ્યું, ત્યાંહી ઊડ્યું
મારી ભમર પર બેઠું
આંખમાં ડોકિયું કર્યું
કીકી દ્વારા અંદર પેઠું
મગજમાં ફરતાં ભૂલું પડ્યું
અંદરની એક ચેતા પર
ઝૂલવા જતાં
ખાખ થયું !

[૬] સ્ટેશન

પથરાયો હતો સ્ટેશને આખો દેશ
હાંફતો આવ્યો સિસોટી વગાડતો વિધિ
ઈશ્વરીય સંકેત થયો અગણિત પત્રોમાં
ઘૂસી ગયું પૂર્ણ પૂર્ણમાં
રહ્યો સ્ટેશને સૌંપ
ખીડી પ્રદેશ !

[૭] પ્રતિમા

ખંડિયેર સાંજે
પ્રથમ તો થયું
હશે કોઈ
જૂની પ્રતિમા.
શમતા પ્રકાશમાં
ચહેરો અસ્પષ્ટ હતો.
પાસે આવ્યો તો
હોઠ ફફડતા લાગ્યા –
કોઈક જીવંત હતું !
છેક નિકટ ઓળખ્યા
આંખો વડે ભેટતા
તાતને !

[૮] આ દેશ

કેમ
જ્યાં ભિક્ષિપત્રો
યોગી-સ્વસ્થતાથી ખરી રહ્યાં છે
ત્યાં જુવાનો દ્રષ્ટિવું વાળી
ગીતા ગણગણી રહ્યા છે ?
શું મનુનું બીજ
અહીં જ મોળું નીવડ્યું ?
તાત તો દોષમુક્ત હતો
પણ ઊછરતાં બાળકો
કુંજગલીઓમાં રમતાં ભમતાં
બની મુરલીવશ
ટોળું થઈ ગયાં
ચીંધેલ પથે જ વિહરતાં શીખ્યાં
મારક ચેતનથી નાસતાં થયાં !
મંથિત સમુદ્રે બે ઘડા ધર્યા
ધર્મામૃતથી સભર એક
અંગારક હૃદયથી ડારતો
બીજો છલકાતો
અમૃતમાં સહુ તણાયાં મૃત્યુંજય થવા
પણ
હુંકાર કરી નાચવું
ભૂલી ગયાં !

[૯] બીજા ઘડા

હવે તો વખત આવ્યો જ છે
ઝ્યા અમૃતને ઓકવાનો
બીજા ઘડાને અહીં
ગટગટ પીવાનો—
અચેતને કંઠ બંડ કરે—
એ દ્રવ્ય જે
શક્તિનો સંચાર કરશે
ક્ષીરસાગરને બાળીને
મૃત્યુને સંસ્થાપીને !

[૧૦] ગંડુસ્તાન

ક્લિનિકના ચારે ખૂણે
ગાડા જ ગાંડા !
બધાને ઢમીને બાંધેલા
પહેરો પકડાયેલો
ઘુવઘુઆમાણી દોરતા.
એમાં ચીતર્યાં હતાં ઉદર.
પહેલું શીર્ષક આપેલું
'સંસ્કૃતિ' !
બીજો વળી ચડિયાતો.
કેન્સરની ગાંઠ દોરી
મથાળું આપેલું 'સરકાર' !
ત્રીજાએ આરસી કોતરી
નામ આપેલું 'દુશ્મન' !
ચોથો, રખડુ ઘેલો
શેરીએ શેરીએ લોહી છાંટતો
સાદ પાડતો 'શાંતિ' !
આવાં તો કંઈ કેટલાય...
(ઇલાજ એકમેકનો થઈ રહ્યો હતો—
રાજ્યને ખર્ચે
વીજળીના ઇશારા દ્વારા
ફરજિયાત ચેનનો !
છેલ્લા સમાચાર મુજબ
લોકવિરોધી ગાંડપણ
ઘણું ઘટી ગયું હતું, ઘટી રહ્યું હતું.
માણસાઈનો આ પ્રયોગ
સફળ થયો હતો —
નહિવત્ ખર્ચે !)

[૧૧] ટીપું

ભવિષ્ય શું
રેન સમું
સુકાઈ રહ્યું છે ?
જિંદગી
રહસ્યમયી સ્મિત વેરતી
સગર્ભા
નહિ થાય ફરી ?
ક્યાંથી
પર્ણોનું હાસ્ય ?
ભીનો પવન
આંખોથી ચમકતી તાળી પાડતું
બચ્ચું !
જુઓ જુઓ પેલું
નવજાત બિંદુ
માટીને વળગેલું
એ પ્રભાતિયું !

રાજેન્દ્ર શાહ

## અનુગ્રહ

મારે નિર્જન કાનન ગેહે
મલયલહર સમ નિવેશ તવ
    મૃદુ કિંકિણીરવ શબ્દ નેહે
ઝંખત મન મુજ નિત્ય નિરંતર
નામ જાણું નહિ તેનાં
    હજાર નામે,
ગાન ગાઉં મારા અંતર પર.
સ્વપ્નમહીં તે
    અરુણ અલક્તક ચરણ ધરંત સહેજે
નયન નિમીલન વિહીન પીવત –
અર્ધ જાગરિત તંદ્રિત
    એવા ભાને
– રૂપસુધા સ્મિતઉજ્જ્વલ અવિરત
સકલ આજ પરિપ્લાવિત હું
    તવ અનુગ્રહના મેહે

□

શરદ વૈદ્ય

## ગઝલ

અકળ આગતાં વે'ત ઓછું પડે,
સકળ સાધતા વે'ત ઓછું પડે.
અલખ સ્વપ્ન પાંપણ ઉપર જો શમે,
અથગ આંકતા વે'ત ઓછું પડે
ભણી મંત્ર શ્વસતા રહો શબ્દને
ભરમ ભાંગતાં વે'ત ઓછું પડે
કથન ઘૂંટતાં કે કવન ઘૂંટતા
ઘટન આંકતાં વે'ત ઓછું પડે
સૂરજ પાસ પહોંચ્યો ક્ષિતિજ સોંસરા,
તિમિર સાંધના વે'ત ઓછું પડે
પધારો કરી શબ્દનો કાગળે
ગઝલ ગાંઠતા વે'ત ઓછું પડે,

□

---

## જ્ઞાનસત્ર વિશેષાંક

'પરબ'નો હવે પછીનો અંક
**રતનપુર જ્ઞાનસત્ર વિશેષાંક**
પાંચમી તારીખને બદલે એપ્રિલની આખરે પ્રકટ થશે.

---

જયેન્દ્ર ત્રિવેદી

# કર્મનો કોરો સિદ્ધાંત

રોજ સવારે સાત વાગ્યે મારું મન વિચારે ચડી જાય છે. મને કોઈ ઉકેલ જડતો નથી. આની બાબતમાં સ્થિતપ્રજ્ઞતા કેળવવી એ તો વળી વધુ ખરાબ એટલે દુ:ખી થયા સિવાય છૂટકો નથી!

બરાબર સવારના સાત વાગ્યે મારા ઘર પાસેથી કિશોરીઓનું એક વૃન્દ પ્રફુલ્લિત ગુલાબ જેવા ચહેરાઓ પર સૂરજમુખીનો વિકાસ લઈને પોતાની શાળાના ગણવેશમાં શોભતું કલ્લોલતું નીકળે છે અને હું એમને જોઈને પ્રસન્ન પ્રસન્ન થઈ જાઉં છું.

અને થોડી વારમાં જ કિશોરીઓનું એક બીજું ટોળું હાથમાં ટિફિનબોક્સ લઈને વાતોના ગપાટા મારતું નીકળે છે. તેમણે ગણવેશ પહેર્યો હોતો નથી. કોઈકે માત્ર ચણિયો-પોલકું, કોઈકે ચણિયા-પોલકા પર પછેડી પણ ચડાવી હોય છે તો કોઈકે ફ્રોક પણ પહેર્યાં હોય છે. થીગડાં બાબતમાં સૌ વચ્ચે સમાનતા હોય છે. થીગડાંઓને એમનો ગણવેશ કહી શકાય. આ કન્યાઓ આ ઉમ્મરથી જ કુટુંબ માટે આછી-પાતળી કમાણી કરવા માટે આખો દિવસ આપી રહી છે. પેલી શાળાએ જતી કિશોરીઓ તો બાર સાડા બાર વાગ્યે ભૂખથી આકુળ-વ્યાકુળ થતી દોડતી-કૂદતી પાછી ફરતી હોય છે પણ આ શ્રમજીવી કિશોરીઓ સાંજે છ વાગ્યે થાકેલી, હારેલી, કંતાયેલી, ધીમા ડગ ભરતી પાછી ઘરની વાટ પકડતી હોય છે!

બન્ને સરખી ઉમ્મરની! પૂર્વજન્મ અને કર્મના સિદ્ધાંત વિશે મેં આછું-પાતળું વાંચ્યું છે, થોડું વિચાર્યું પણ છે પણ એની મદદથી આ બે જૂથો વચ્ચેના ભેદનું સમાધાન મારા મનમાં થતું નથી. જેવાં એના ગયા જન્મોનાં કર્મ એમ કહી હું 'જેહના ભાગ્યમાં જેહને જે લખ્યું તેહને તે સમે તે જ પહોંચે' એ પ્રાતઃકાળમાં ગાવાની ભક્તિ ગાઈ શકતો નથી. મને લાગે છે કે આ બન્ને જૂથ વચ્ચેનો ભેદ વિધિસર્જિત નથી, માનવસર્જિત છે. કોઈકને જનમતાં વેંત લાડુ-લાપસી અને બાકી બધાંને જન્મ્યા પછી ખીચડી તો શું, ઘુંટડો ઘેંશના પણ વેન નહીં એ પરિસ્થિતિ ઈશ્વરનિર્મિત કે કર્મનિર્મિત હોઈ શકે નહીં! કદાચ માર્ક્સના વિચારોનો પ્રભાવ મારા પર વધુ હોય, કદાચ રશિયા અને અન્ય સમાજવાદી દેશોનાં

બાળકો આવાં જૂથોમાં વહેંચાયેલાં નથી એ માહિતી મને આ સ્થિતિ માટે વધુ દુઃખી કરતી હોય! કર્મનો સિદ્ધાંત આવી પરિસ્થિતિમાં કોઈને તટસ્થ થઈ જવા દઈ શકે એ મને શક્ય લાગતું નથી. એ તો એક પ્રકારની આત્મવંચના કે આત્મહત્યા જ ગણાય – ગીતા આ બાબતમાં સ્પષ્ટ છે. ગરીબો પોતાના પૂર્વજન્મના પાપે આ જન્મમાં ગરીબ થયા છે એમ માનવામાં મને વિચારની જ ગરીબી દેખાય છે. કિશોરલાલ મશરૂવાળા જેવા મૌલિક ચિંતકના ગુરુ પ્રાતઃસ્મરણીય કેદારનાથજીએ કર્મના સિદ્ધાંતને વ્યક્તિમાં સીમિત ન રાખતાં સમૂહને લાગુ પાડવાનું સૂચવીને એ સિદ્ધાંતને જે નવું પરિમાણ બક્ષ્યું છે એનાથી મારા મનનું સમાધાન થાય છે એટલે આ બન્ને કન્યાજૂથો વચ્ચેનો તફાવત મારાથી સહન થતો નથી.

સરકારોના ઘોષણા-પત્રો દેશની ગરીબીનો નાશ કરવા માટે સંકલ્પબદ્ધ છે પણ કેવળ સંકલ્પ વંધ્ય હોય છે. દિશા વિષે જ આપણા આયોજકોના મનમાં અસ્પષ્ટતા છે. મહાત્મા ગાંધીએ એક વાર જવાહરલાલને લખેલું કે તમારા મનમાં દિશા વિષેની કોઈ દ્વિધા ઉત્પન્ન થાય ત્યારે એ દૂર કરવા માટેનો એક મંત્ર તમને આપું છું. ત્યારે ભારતના છેક છેવાડે ઊભેલા માનવીને યાદ કરશો એટલે દિશા વિષેની તમારી અસ્પષ્ટતા દૂર થઈ જશે. આ વાક્ય આયોજન મંડળના સભ્યોના ચિત્તમાં કોતરી આપ્યું હોય તો ગરીબી દૂર કરવાની સાચી દિશા જડે. દિશાની સ્પષ્ટતા વગરની ગતિ બહુ તેજ હોય તો વધુ મુશ્કેલી ઊભી થાય! આપણી દરેક યોજનામાં થતું મૂડીરોકાણ ભૌમિતિક પ્રમાણમાં વધતું જાય છે પણ ધાર્યું પરિણામ આવતું નથી એનું કારણ ગતિની તીવ્રતાનો અભાવ નથી, દિશાની સ્પષ્ટતાનો અભાવ છે.

દેશના સૌ સુવિધાભોગી જૂથો પોતાની સુવિધાઓની વૃદ્ધિ માટે એટલા બધા ચિંતિત છે કે સામાન્ય જનને અલ્પ સુવિધા પણ ઉપલબ્ધ નથી એનું ચિંતન કરવાની એમને ફુરસદ નથી. કવિ દિનકરે રાજ્યસભામાં આ મતલબની વાણી ઉચ્ચારી હતી કે 'જવાહરલાલ, ગાવોંકો રોશન કરના હો તો રોશની શહરોંકી મંદ કરો!' પણ કોણે શહેરોની રોશની મંદ કરી છે? કોનામાં એવી હિંમત છે?

સરકાર સિવાય તો કોઈએ ગરીબી દૂર કરવા માટે કર્મ કરવાની જરૂર જ નથી એવું ભારતની પ્રજા વિચારતી લાગે છે. એ અર્થમાં સરકાર જ ભગવાન થઈ બેઠી છે. ભગવાનની ઇચ્છા પ્રમાણે થશે તેમ બોલતી જનતા હવે સાથે સાથે સરકારની ઇચ્છા પ્રમાણે થશે એમ પણ બોલવા લાગી છે.

સરકાર જેટલો જ પ્રભાવ ભારતીય પ્રજા પર ધર્મનો છે. ધર્મપુરુષો લાખો લોકોને હજુ આકર્ષે છે. સંપ્રદાયોના ખજાનાઓ લોકો ભર્યાં ભર્યાં જ રાખે છે.

ઝૂંપડપટ્ટીઓને સુઘડ આવાસમાં બદલવાનું ભારે મુશ્કેલ છે પણ તમે ગમે તે જમીન ઉપર ધર્મસ્થાન બાંધવાનું શરૂ કરો તો ચારેબાજુથી મદદ મળી રહેશે. ઈંટ-પથ્થર, ચૂનો, મજૂરી વગેરે મફત પણ મળી શકે. ૧૯૪૭ પછી દેશમાં મંદિરોની સંખ્યા વધી છે. ધર્મસંસ્થાઓ પાસે પુષ્કળ સોનું છે, જમીન છે, અન્ય સંપત્તિ છે પણ ગરીબી નાબૂદ કરવામાં આ ધનનો ઉપયોગ કરી શકાતો નથી. રામ અને કૃષ્ણની લીલાઓની કથા ગાઈને કરોડો મનુષ્યોને મુગ્ધ કરનાર કથાકાર પોતે લોભી ન હોય તો અન્ય સંસ્થાઓને મદદરૂપ થવા ધનસંપત્તિ ભેગી કરી દે છે. એમને મનમાં સંતોષ થાય છે કે એમની વાણીની મદદથી કેળવણીની સંસ્થાઓ ઊભી થઈ, ઇસ્પિતાલો ઊભી થઈ, મંદિરો ઊભાં થયાં, ક્યાંક વળી પૂરપીડિતો કે કુદરતી આફતગ્રસ્તો માટે મકાન પણ ઊભાં થયાં, હજારો લોકોને થોડા દિવસ પેટ ભરીને ભોજન મળ્યું, સદાવ્રતો ખૂલ્યાં. બધુ બરાબર છે પણ લોકોની ગરીબી કાયમ માટે દૂર થાય એ માટેના હુન્નર-ઉદ્યોગ કે નાના-મોટા વ્યવસાયો આ ધર્મસંસ્થાઓ કે ધર્મપુરુષો સ્થાપતા નથી. સમાજમાં મૂળભૂત પરિવર્તન લાવવામાં એમને રસ નથી. જે મહાપુરુષોની તેઓ કથા કરે છે તે રામ અને કૃષ્ણ તો દુષ્ટોના સંહારો માટે જીવનભર ઝઝૂમ્યા હતા, કર્મવાદી હતા, કોરા વાણીઉપાસક નહોતા! ગરીબીના રાવણ કે કંસને હણવાથી વધુ યુગધર્મ બીજો આજે શો હોઈ શકે? રામ અને કૃષ્ણને ભોગવિલાસ, એશઆરામ કે મોજમજા માટે સમય નહોતો, વૃત્તિ પણ નહોતી, પણ કેટલીક ધર્મસંસ્થાઓના વડાઓનુ ઐશ્વર્ય સૌની નજરમાં ખટકે એવું હોય છે.

સરકાર કે ધર્મસંસ્થાનોની મદદથી કન્યાકેળવણી ગમે તેટલી સુલભ થાય તોપણ ગરીબ લોકો આ કન્યાઓને ભણવા કેવી રીતે મોકલશે? એમની કમાણીની ઘર ચલાવવામાં જરૂર છે એટલે ગરીબીનો પ્રશ્ન ઉકેલ્યા વગર શાળાઓમાં દાખલ ન થનારા કે અધવચ્ચેથી ભણતર છોડી દેનારાની સંખ્યા ઘટવાની શક્યતા બહુ ઓછી છે. પ્રૌઢશિક્ષણ માટે કરોડો રૂપિયા ખર્ચાય છે પણ આવા કામે જનારાં બાળકો માટે એમની ફુરસદના સમયે કેળવણી આપવાની કોઈ યોજના હજુ સુધી બહાર પડી નથી. એમણે પ્રૌઢ થવા સુધી રાહ જોતી જ રહી.

આ કિશોરીઓનું કૈશોર્ય આનંદ-ઉલ્લાસ, વિદ્યાધ્યયન અને સુખ-સંતોષમાં વીતે એ માટે કોના કેવા કેટલા કર્મોનું આવાહન કરવું જોઈએ? રાજપુરુષો, સરકારી અધિકારીઓ, ધર્મપુરુષો, શિક્ષકો બધાંના કર્મ સાથે આ કિશોરીઓનાં કર્મોનો મેળ ક્યારે ખાશે? એની મેળે ખાશે કે કોઈ કે એ માટે પ્રયત્નશીલ થવું પડશે?

□

**શબ્દવેધ : સજાગ ચેતનાના પ્રહરીની સમાજચર્યા**

[લે. જયંત પંડ્યા, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ રૂ. ૨૮/-]

પ્રા. જયંત પંડ્યાનો પરિચય કોઈએ દૂરથી પરાજિત ધારાસભ્ય તરીકે કરાવ્યો હતો. એ પછી ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના ઉમેદવાર તરીકે પણ તેમને હારતાં-જિતતાં જોયા છે. અનેકવાર મળતી નિષ્ફળતાઓ પછી પણ આ પ્રકારની સ્પર્ધાઓમાં પૂરી તંદુરસ્તી સાથે સક્રિય ભાગ લેવાની એમની ખુમારીનું આશ્ચર્ય હતું, નિશેષ્ફ કુરબાની સમજાતી ન હતી. પણ 'શબ્દવેધ'ના નિબંધોના વાંચન દરમિયાન એનો તાળો મળ્યો. વચ્ચેનાં વર્ષો આ નિબંધકારે અભ્યાસ માટે લંડનમાં ગાળ્યાં છે. એના એક અવાન્તર પણ સહજ પરિણામ રૂપે એમના વ્યક્તિત્વમાં બ્રિટિશ નાગરિકના, ઊડીને આંખે વળગે એવાં સુલક્ષણો સ્થિર થયાં છે. બાલિજ્જત સિગારેટ પીતો આ માણસ પડખે બેઠેલા લોકોને પડનારી અગવડના ખ્યાલથી સિગારેટવિરહના ચાર-પાંચ કલાકો પણ એટલી જ લિજ્જતપૂર્વક ખુશનુમા વીતાવે છે લોકશાહી નાગરિક તરીકેની એમની સુઘડ અને સુચારુ સમાજની ઝંખના આપણી વિરલ સામાજિકતાને સંસ્કારવા જય-પરાજયની પરવા કર્યા વિના એમને કટિબદ્ધ કરતી રહી છે.

'શબ્દવેધ'માં સંગ્રહિત નિબંધો ત્યારે 'નિરીક્ષક'માં પ્રગટ થતા હતા. એ વેળા થતું હતું કે આ સઘળું 'નિરીક્ષક' સુધી સીમિત ન રહી જાય તો સારું. છાપાળવી પ્રાસંગિકતાના વિકલ્પે ઊપસી આવતી સમાજના શીલની ખેવના અને પ્રત્યેક વાક્ય-વિચારમાંથી ઊઠતો, નિબંધકારની સ્વકીય મુદ્રા સમેતના ચિંતનનો નરવો રણકાર આ નિબંધોની કાળની કસોટીએ ચડી શકવાની તેમ જ પાર પડવાની ક્ષમતાની સાહેદી પૂરે છે. નિબંધોના વાચન સમયે એમ જ કાગી નોંધ શરૂ થઈ ગઈ વિચારના કાતણમાં ક્વચિત્ આવતાં ફોદા-કણિયા પણ નોંધાયા પણ પ્રભાવિત તો 'થવાયું' એમાંની મહિનતા અને સમરસતાથી.

આ નિબંધોની સૌથી મોટી મઝા એ છે કે તે આપણા મનની વાતને, અંદર અવિરતપણે ચાલતા વિચારવલોણાને એવી સલૂકાઈથી ઉજાગર કરી આપે છે કે વાત ને વિચાર હથેળીમાંનું આમળું જોઈ લ્યો જાણે ! અહીં અસંખ્ય મુદ્દા એવા મળશે કે એ અંગેની પ્રા. પંડ્યાની રજૂઆત વાંચતાં થશે : હા, આ જ વાત મેં આમ જ અનુભવી – વિચારી હતી આ જ વાતે મને અંદરથી હલબલાવી

નાખ્યો હતો ને મારી આસપાસ વસતા-ફરતા પડોશીઓની દુનિયાદારી વિશે એવું આવી ગયું હતું ! પણ એને આમ 'લખી' વિચારી લોકો સુધી પ્રગટ ચિંતન રૂપે આટલી નિર્ભિકતાપૂર્વક, 'પડયો નગારે ઘાવ' શૈલીએ લખવાનું સૂઝયું ન હતું. અને એ અહીં પૂરી સમજ સાથે થયું છે; આનંદ છે એનો.

'અધખીલ્યાં માણસો', 'હૃદયદ્વાર કોણ ઉઘાડશે ?', 'અવાજની ઉજવણી', 'આપણી વિરૂપતા', 'ધીખતા અંગારા' 'સામાર નીચે દેશ', 'નાવમેં નદિયાં ડૂબી જાય', 'કામ કરતી મેવાઓ', 'સ્વરાજ પાછું મેળવવુ પડશે', 'વટાળ વટહુકમ', 'આ તે શા તુજ હાલ' જેવા સમાજ, શિક્ષણ અને રાજ્યની સરહદોને સ્પર્શતા આ નિબંધો એના લેખકની જાગરુક ચેતનાના દિગન્તવ્યાપી સીમાડાઓ સુધી વિસ્તરે છે. પ્રસ્તુત સમાજચર્ચાના નિમિત્તે પ્રજાકીય સામ્પ્રત સ્થિતિનું અહીં જે નિદાન થયું છે તે નિદાનકર્તા નિબંધકારની રુગ્ણ(પ્રજા)જન જોડેની પાકી નિસ્બત(ડીપ કન્સર્ન)ની પ્રતીતિ કરાવે છે.

સમાજ, શિક્ષણ અને રાજ્ય એ ત્રિવિધ સંસ્થાઓ સામે જયંતભાઈની ચોક્કસ અને નક્કર ફરિયાદો છે પણ એ ફરિયાદ નોંધાવી નિરાંતે ઘોરી જનારા માણસ નથી કે નથી એ વરાળ (એરન) વિચારનું જાળવણું કરનાર નિરપેક્ષ કૉલમિસ્ટ માત્ર ! જનજીવનમાં ચાલતા વ્યાપક વિષચક્રના સગડ શોધી એને અટકાવવાનો હાથવગો ઇલાજ ચીંધતા એ લખે છે : આપણી ઘણી ખરી સમસ્યાઓ એ માતૃસંસ્થાની નિષ્ફળતાની સમસ્યાઓ છે. બાળકના સંસ્કરણ અને ખેડાણનું કામ એણે શાળા જેવી ત્રાંસી અને સિનેમા જેવી સાવકી માતાઓને સોંપ્યું તે દિવસથી હોનારત સર્જાવા માંડી છે. એટલે હોનારત અટકાવવાનું કામ પણ મા જ કરી શકશે. એમ કરવા માટે બે ભૂમિકાએ તેણે ભજવવાની રહેશે. એક માનવમૂલ્યોની રોપણી કરવાની અને બીજી એના વિનિયોગનો હિસાબ માગવાની. એક સામાન્ય ઉદાહરણથી આ વાતનો મર્મ ઉઘાડીએ : હમણાં, અમદાવાદમાં, પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ અકારણ એક મ્યુનિસિપલ બસ બાળી મૂકી. એમનો ઝઘડો એમની કૉલેજ સામે હતો અને ડામ દીધો આખી પ્રજાને હવે, આ કૉલેજમાં ભણનારા વિદ્યાર્થીઓ બધા જ કંઈ નમાયા નહીં હોય. એ માતાઓએ 'પાડાના વાંકે પખાલીને ડામ ન દેવાય' એટલી સાદી વાત એમને શીખવી નહીં. ધારો કે એ ન શીખવી તો ભલે, પણ એ સમાચાર જાણ્યા પછી માતાઓએ પોતાના દીકરા પાસે હિસાબ માગ્યો હોત કે 'આવો અનાચાર કરવાની તને કુબુદ્ધિ કેમ સૂઝી !' તો છોકરાના મનમાં પ્રકાશ પથરાયો હોત સમાજ શું ? એની મિલકત શું ? એની જાળવણી શું ? એનો કદાચ દીકરાને ખ્યાલ આવત અને બીજા કોઈ પ્રસંગે એનો

આવી છે. અધખીલ્યા માણસનો અંગ્રેજી પર્યાય 'મોરોન' ટાંક્યા પછી-એની વ્યાખ્યા આમ થઈ છે: 'જે મનન કરે તે મનુષ્ય અથવા મૅન. એવી કોઈ કડાકૂટમાં જ ન પડે તે મોરોન—એટલેકે બાળકની કશીયે નિર્દોષતા વિનાનો બાલમુકુન્દ...' જયંતભાઈના અભિપ્રાય મુજબ 'આપણી રાજ્યપ્રથા એ (આવા) અધખીલ્યા બાલમુકુન્દોના વર્ચસ્વવાળી છે અને આપણી સભ્યતા—સિવિલાઈઝેશન એ મોરોન સભ્યતા છે.' આટલું કહ્યા પછી અપાયાં છે, આ મોરોન મહાશય તરત ભટકાઈ જાય એવાં એમનાં એકાધિક સરનામાં! પણ અહીં અટકી ન જવાય મોરોનની બહુમતીથી આપણો આખો સમાજ એકલસૂરો, દુણાયલો (મોરોઝ) બની જાય એ પૂર્વે જાગવાનું છે અને જાગૃતિ પછી લાધેલ કટુ તથ્ય: 'ઈશ્વર આકાશમાં છે, મંત્રીઓ ગાંધીનગરમાં છે (મંત્રીશ્રેષ્ઠ દિલ્હીમાં છે) અને જગતમાં લીલાલહેર છે'થી હારી-થાકી બેસવાનું નથી. સાચી મથામણ તો, આ મોરોને સ્વીકારી લીધેલી માન્યતાને ખોટી ઠેરવવા, એ જ મોરોનના માંહ્યલામા વિરાજિત પૂર્ણ-પ્રફુલ્લપુરુષને ઉદ્ભાસિત કરવામાં જ છે. અને આવો થકવી નાખે છતા પરિણામે પૂરો આનંદદાયી નીવડનાર સંઘર્ષ કરવામાં ખપ લાગે એવો જીવંત આશાવાદ આ નિબંધોમાં ઝીણી પણ ચમકદાર પાલવકિનારી સમો વણાતો રહ્યો છે.

વિવિધ પ્રશ્નોની છણાવટ કરતી વેળા એ પ્રશ્નોના ઉભય પક્ષોની ન્યાયપૂર્ણ રજૂઆત કરીને મૂળ મુદ્દાને સ્પષ્ટ કરી આપવાની ફાવટ અને તત્પરતા આ નિબંધોમાં અલગ તરી આવે છે. 'પોલીસ અને પ્રજા'નો આરંભ જુઓ: 'વ્યવહારના વ્યાકરણમાં પોલીસ અને પ્રજા એ એકબીજાના વિરોધી શબ્દો બની ગયા છે.' અત્યંત લાઘવપૂર્વક થયેલ આ સ્થિતિનિર્દેશ પછી તેનું કારણ પણ અપાયું છે: 'એમાં બન્નેને મળેલ વારસાનો પણ વાંક છે.' અંગ્રેજ હુકૂમતની પોલીસ સામેનો વિરોધ અને તેની સાથે સતત અનુભવાતું રહેલું પરાયાપણું એ પ્રજા તરીકેની આપણી ગળથૂથી છે. એ વલણથી આજપર્યન્ત આપણે મુક્ત થયા નથી—એવું નિદાન કર્યા પછી એ વૈમનસ્ય/પાડાખારને મિટાવવા એક સંસ્થા તરીકે વિશિષ્ટ ફરજ બજાવતા પોલીસતંત્રે પહેલ કરવી પડશે, પ્રજા સમગ્રને ગુનેગાર અને એ ન્યાયે દુશ્મન ગણીને ગોઠવાતા સઘળા વ્યવહારોમાંનું ગલત ગણિત પણ માંડી વાળવું પડશે.

વળી, સૌ સારા અને સાચા હોય એ સ્થિતિ ગમી જાય એવો આદર્શ માત્ર છે. વાસ્તવમાં બુદ્ધિ ક્યારેક દુર્બુદ્ધિ પણ બનવાની અને ત્યારે પોલીસતંત્ર અનિવાર્ય બની રહે. બુદ્ધિવંતોને લીધે તો સઘળી સમસ્યાઓ છે—એવું પ્રતિપાદન કર્યા પછી તેનું નિરાકરણ પણ સૂચવાયું છે: 'જે બુદ્ધિની પેદાશ છે એનો ઉકેલ

# અત્રચર્ચા

[૧]

'પરબ'ના ફેબ્રુઆરી ૧૯૮૫ના અંકમાં તમે પરિચય પુસ્તિકાનાં ૨૫ વર્ષ ઉપર જે તંત્રીનોંધ લખી છે તે વાંચી આનંદ થયો

પરિચય પુસ્તિકાએ ગુજરાતી ભાષાની ક્ષમતા છતી કરી છે. પ્રમાણમાં તેનો ફેલાવો સારો થયો છે પણ બજારભાવ કરતાં અડધાથી ઓછી તેની કિંમત હોય ત્યારે મોટી ખોટ અનિવાર્ય બની જાય છે ગુજરાતીમાં આટલી સસ્તી કિંમતે દર વર્ષે ૭૬૮ પાનાનુ વાંચન બહુ ઓછી સંસ્થાઓ આપતી હશે. એ તો ઠીક છે. પણ મને આનંદ એ વાતનો છે કે આ પ્રવૃત્તિ પ્રજાના લોહીમાં ભળી ગઈ છે. હમણાં જ ભાવનગરની એક કૉલેજે ૨૫ વર્ષ નિમિત્તે પોતાના જ ખર્ચે એક પરિચય પુસ્તિકા પ્રદર્શન કર્યું. શ્રી યશવંતભાઈ શુક્લે તેનુ ઉદ્ઘાટન કર્યું.

થોડા મહિના પહેલાં રાજકોટની એક શાળાએ પરિચય પુસ્તિકાની રજતજયંતી ઉજવી. વિદ્યાર્થીઓએ ભિન્ન ભિન્ન વિષયની પરિચય પુસ્તિકાઓ પર નાના નાના નિબંધો લખ્યા.

ગુજરાતમાં સારી પ્રવૃત્તિ ચાલતી નથી એવી જે લોકો ફરિયાદ કરતા હોય તેમને આ બધું કહેવુ જોઈએ.

તમે આ પ્રવૃત્તિને વધાવી એટલે મને થયુ કે તમને લખું અને તમારો આભાર માનું.

—વાડીલાલ ડગલી
સંપાદક : પરિચય-પુસ્તિકા

મુંબઈ, ૧૬-૨-'૮૫

[૨]

ફેબ્રુ. '૮૫ના 'પરબ'માં છપાયેલા *શ્રી બટુકરાય પંડ્યાના પત્ર* બદલ આભાર. તેમાં આવતી કેટલીક બાબતોમાં ગેરસમજ હોવાથી નીચેની સ્પષ્ટતા જરૂરી બને છે.

(૧) રાગ બિહાગમાં શુદ્ધ અને કોમળ મધ્યમ અર્થાત્ તીવ્ર અને શુદ્ધ મધ્યમ આરોહ અવરોહમાં અનુક્રમે યોજી શકાતા નથી, તેમાં **પમગમગ પમપગમગ** એમ લેવામાં આવે છે. અર્થાત્ તીવ્ર મધ્યમ પછી કાં તો પ પર જઈ અથવા ગ પર જઈને બીજો મધ્યમ લેવાય **મમગ ગમ્મ** ન લેવાય.

(૨) (પા. ૧૪-૩૧/૩૨)માં મારો હેતુ વિષમ ખંડના માત્રાવાળા તાલનો નિર્દેશ કરવાનો છે.

(૩) (પા. ૧૫-૨૨) સંગીત પર એ તપ પસાર કરનાર અને આટલી સૂક્ષ્મતાથી પ્રથમ ચર્ચા કરનારને પહેલી માત્રા તે 'સમ' છે તેની જાણ ન હોવાનું કલ્પવું માનસિક હિંસા છે, બટુકભાઈ! પાંચ માત્રાનો મુખડો હોય એનો અર્થ જ એ કે ચીજની શરૂઆત ત્રિતાલના સંદર્ભમાં બારમી માત્રાથી થાય છે આથી પાંચ માત્રાનો મુખડો પૂર્ણ થતાં તાલનું આવર્તન પૂર્ણ બને અને પહેલી માત્રા અર્થાત્ 'સમ' આવે. મેં જે વાત કરી છે તે 'ક્રમ'ની કરી છે, 'સ્થાન'ની નહીં. અર્થાત્ પાંચ માત્રા પૂર્ણ થતાં તેના ક્રમમાં જે છઠ્ઠી માત્રા આવે તે ક્રમ. તાલ પૂર્ણ થાય એથી તે સ્થાન તે પ્રથમ માત્રાનું.

આ વિશે ફકરો નહીં, પુસ્તક લખી શકાય. મેં સામાન્ય રસિક વાચકોને દૃષ્ટિમાં રાખી, બહુ ટેકનિકલ ન બની જવાય તે લક્ષમા લઈને જોખમ ઉઠાવ્યું હતું.

શ્રી બટુકભાઈનો રસ અને ચર્ચા બદલ પુનઃ આભારી છુ.

ગાંધીનગર, ૧૨-૨-'૮૫ — હસુ યાજ્ઞિક

[૩]

## સાહિત્યકૃતિઓને ઇનામો

પ્રાચીન સમયમાં કવિઓને તેમ જ લેખકોને બિરદાવવા માટે તેમ જ પ્રોત્સાહિત કરવા માટે રાજદરબારોમા જુદે જુદે સ્વરૂપે ઇનામો કે પુરસ્કારો આપવામાં આવતાં અને લેખકો તથા કવિઓ તેને પોતાનું ગૌરવ માની હોશે હોશે સ્વીકારતા. એકલા સાહિત્યક્ષેત્રે જ નહિ, પણ સમાજના જુદા જુદા ક્ષેત્રે આ રીતે ઇનામો કે પુરસ્કારો આપવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની પ્રથા ઇનામો તેમ જ પુરસ્કાર મેળવનારાઓને તો પ્રોત્સાહિત કરે જ છે, પણ સાથે સાથે અન્ય જનોને પણ પ્રોત્સાહિત કરે છે. મનમાં સ્વાભાવિક રીતે દરેકને ઇચ્છા થાય છે કે પોતાના કાર્ય બદલ કોઈને કોઈ સ્વરૂપે ઇનામ કે પુરસ્કાર મળે પણ આજકાલ ગતાનુગતિક ન્યાયે આવાં ઇનામો અને પુરસ્કારોનો અસ્વીકાર કરવાનો ચાલ ચાલુ થયો છે. ઇનામો અને પુરસ્કારો ન સ્વીકારવામાં આપણુ મહત્ત્વ વધે છે એવી માન્યતા ઘર કરી બેઠી છે. કોઈ પણ સ્પર્ધામાં નિર્ણય અંગે વાદવિવાદ થવાનો જ. એટલે તો સ્પર્ધામાં એક શરત મૂકવામા આવે છે કે 'નિર્ણાયકોનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે'. તેમાં ઇનામો મેળવનાર સ્પર્ધાને એક રીતે જોશે, ઇનામ નહિ મેળવનાર સ્પર્ધાને બીજી રીતે જોશે. પણ એને કારણે સ્પર્ધાઓ અને પુરસ્કારપ્રથા

